પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૮ • કુલ પાના : ૪ • તારીખ : ૨૨-૦૯-૨૦૨૨ ગુરુવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com



પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ગુજરાત વિધાનસભા સત્રમાં હોબાળો, વેલમાં ઘૂસી ગયેલા કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ

### રખડતા ઢોર નિયંત્રણ વિધેયક પરત ખેંચાયુ, વિધાનસભામાં બહુમતીના આધારે લેવાયો નિર્ણય

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના ચૂંટણી પહેલાના અંતિમ સત્રનો આજથી પ્રારંભ થયો છે. ત્યારે વિપક્ષના નેતાઓએ વિવિધ આંદોલનને પગલે ગૃહમાં રજુઆત કરી છે. કોંગ્રેસે ગુજરાતના પ્રાણપ્રશ્નોની રજુઆત માટે સમય આપોની માંગણી કરી હતી. ત્યારે વિધાનસભાના છેલ્લા સત્ર પહેલા ગાંધીનગરમાં કોંગ્રેસે દેખાવો કર્યા હતા. મોંઘવારી, ભ્રષ્ટાચાર અને સરકારી કર્મચારીઓની માગને લઈ ગળામાં બેનરો પહેલી વિરોધ વ્યક્ત કર્યો હતો. ત્યારે વેલમાં આવેલા ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરાયા છે. ત્યારે વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ધ્વની મતના બહુમતથી ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા છે. જેના બાદ કોંગ્રેસના સભ્યોએ ગૃહમાંથી વોક આઉટ કર્યુ હતું.

કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યોએ પોતાના સ્થાને ઉભા થઈ ન્યાય આપોના સૂત્રોચાર કર્યા હતા. લગભગ ૧૦થી ૧૨ ધારાસભ્યો વેલમાં ઘૂસી ગયા હતા, જેઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ત્યારે અધ્યક્ષની વિપક્ષના સભ્યોને ટકોર કરી હતી. અધ્યક્ષે કહ્યું હતું કે, વિધાનસભામાં આ પ્રમાણે પ્રદર્શન ના કરી શકાય. શૈલેશ પરમારે કહ્યુ હતું કે, કર્મચારીઓના ઓદોલનની ચર્ચા ગૃહમાં કરો. ત્યારે




કોંગ્રેસનો વિરોધ ચાલુ રહેતા રાજેન્દ્ર ત્રિવેદીએ સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ ન્યાય આપોની માંગણી સાથે નારા લગાવ્યા. ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન વિરોધ કરી રહેલા અને વેલમાં આવેલા કોંગ્રેસના ધારાસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરાયા છે. ધ્વની મતના બહુમતથી ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા છે. આ ધારાસભ્યોએ વેલમાં ધસી જઈ બેનર પ્રદર્શિત કર્યા હતા. જેના બાદ રાજેન્દ્ર ત્રિવેદીએ સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો.

ધારાસભ્યે જિગ્નેશ મેવાણીએ કહ્યું કે, ગુજરાતના દરિયા કિનારે ઉતરતા ડ્રગ્સ મુદ્દે ચર્ચા કરવા સરકાર સહમત નથી. કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્યો પ્રજાના પ્રશ્નો મુદ્દે લડતી રહેશે. તો અમિત ચાવડાએ કહ્યું કે, ભાજપની સરકારનું શાસન અને નિર્ણય પ્રજા વિરોધી છે. સરકાર પ્રજાના પ્રશ્નોની ચર્ચાથી ભાગે છે. બે દિવસના ટુંકા સત્રમાં અમારી ચર્ચાની માંગ છે. રાજ્યના ૩૦ વિભાગના કર્મચારીઓ હાલ આંદોલનના માર્ગે છે. કોગ્રેસ ખેડૂતો, લમ્પી વાયરસ, પેપર લીંક મુદ્દે ચર્ચા કરવા સમય માંગે છે, પણ સરકાર પાસે સમય નથી. સરકાર બહુમતીના જોરે પોતે નક્કી કરેલા એજન્ડા પર કામ કરવું છે. કર્મચારીઓની માંગણીઓ પર એક કલાક ચર્ચા કરવાની માંગ છે. અમે લડીએ છીએ અને હજુ લડીશું.ગૃહમાં દેખાવો કરી રહેલા કોંગ્રેસના ધારાસભ્યોમાં જીગ્નેશ મેવાણી, કનુ બારૈયા, ગેની ઠાકોર, પ્રતાપ દુધાત, વિજયભાઈ, અમરીશ ડેર, બાબુ વાજા,પૂના ગામિત,ચંદનજી ઠાકોર, નૌશાદ સોલંકીને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. શૈલેષ પરમારે કહ્યું હતું કે, આપનો આદેશ અમે માનીએ છીએ અને માનીશું. પરેશ ધાનાણી વેલમાં હતા નહિ પરંતુ તેઓ તેમની જગ્યા પર જ હતા. સરકાર જે પ્રસ્તાવ લાવી છે એ અમે માનીશું. જીતુ વાઘાણીએ કહ્યું હતું કે તમને શરમ આવવી જોઈએ.શૈલેષ પરમારે સામે જવાબ આપતાં કહ્યું કે, શરમ તમને આવવી જોઈએ. આટલા બધા કર્મચારીઓ આંદોલન કરે છે.જીતુ વાઘાણીએ કહ્યું હતું કે આંદોલન કરી રહેલા કર્મચારીઓ કોંગ્રેસનો હાથો નહીં બને. કોંગ્રેસને મુદ્દાઓના ઉકેલમાં રસ નથી.વિધાનસભા અધ્યક્ષે કોંગ્રેસને વિનંતી કરતા કહ્યુ કે,ગૃહની ગરિમા જાળવી, ગૃહનું કાર્યવાહી આગળ ચાલવા દો. સિનિયર સભ્યો છો અને લોકોનું પ્રતિનિધિત્વ કરો છો. તમે લોકશાહીના નિયમ હેઠળ રજુઆત કરી શકો છો. ગૃહની અંદર દેખાવો અને ઘરણા કરવા યોગ્ય નથી.કોંગ્રેસના અમિત ચાવડાએ સરકાર પર પ્રશ્નો કરતા જણાવ્યુ કે, લોકોના પ્રશ્નોની ચર્ચા કરવાથી ભાગે છે. રાજયના ૧૫ લાખથી વધુ કર્મચારીઓ રોડ પર આવી ગયા છે. તેમના પ્રશ્નોની ચર્ચા કરવાની કોંગ્રેસે માંગ કરી તો તેના માટે સમય નથી આપવો. ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો તેમને નથી સાંભળવા.દરમિયાન લાંબા સમયથી ગુજરાતમાં રખડતા ઢોરના ત્રાસનો મામલો યક્ષ પ્રશ્ન બનીને ઉભો છે. આ મુદ્દે રખડતા ઢોરના નિયંત્રણ માટે એક કાયદો લાવવાનું નક્કી કર્યું હતું. જોકે, આ સમગ્ર મામલે ભારે રાજકારણ બાદ આખરે આજે ગુજરાત વિધાનસભામાં ભાજપે બહુમતીના આધારે આ વિધેયક પરત ખેંચવાાનો નિર્ણય કર્યો છે.રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં મંજૂર કરવામાં આવેલો રખડતા ઢોર અંગેનો કાયદાને હવે વિધાનસભામાં બહુમતીના આધારે પરત ખેંચી લેવામાં આવ્યો છે. મોકૂફ રાખી દેવામાં આવ્યો છે. રખડતા પશુ નિયંત્રણ કાયદાને લઈ માલધારી સમાજના ઉગ્ર વિરોધ બાદ હવે રાજ્ય સરકારે નમતું જોખ્યું છે.આ વિધેયક પરત ખેંચવા અંગે રાજ્યમાં ઠેર-ઠેર માલધારી સમાજના આગેવાનોએ આવેદનપત્રો આપ્યા હતા. માલધારી સમાજ દ્વારા ગાંધીનગરમાં આશ્ચર્યજનક અને જલદ કાર્યક્રમની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી માથે છે એવા સમયે ભાજપ સરકારને માલધારી સમાજની નારાજગી પોસાય તેમ નથી. એજ કારણ છેકે, આજે મળેલાં વિધાનસભાના સત્ર દરમિયાન સરકાર દ્વારા રખડતા ઢોર નિયંત્રણ બિલને પાછું ખેંચવાનો નિર્ણય લેવાય છે.

## ST નિગમના કર્મચારીઓના ભથ્થાઓમાં રાજય સરકારે નોંધપાત્ર વધારો કરી આપ્યો

ગાંધીનગર,

રાજ્ય સરકારનો કર્મચારી? હિતમાં વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે. એસ.ટી.નિગમના કર્મચારીઓના ભથ્થાઓમાં નોંધપાત્ર વધારો કરીને તેમની માગણીઓનું હકારાત્મક નિરાકરણ કરાયુ છે. આ વિશે વાહન વ્યવહાર મંત્રી પુર્ણેશ મોદીએ જણાવ્યું છે કે,રાજ્ય સરકારના જી.એસ. આર.ટી નિગમ હસ્તકના કર્મચારીઓના મળતા ભથ્થામાં રાજ્ય સરકાર દ્વારા નોધપાત્ર વધારો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

મંત્રીએ ઉમેર્યું કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ એસટી નિગમના કર્મચારીઓની જે રજૂઆતો હતી તેને ધ્યાને લઈને ત્રણેય માન્ય યુનિયનોના હોદ્દેદારો સાથે બેઠક બાદ તમામની સહમતીથી માંગણીઓ નો હકારાત્મક ઉકેલ તેમજ પગારમાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય કરાયો છે.

મંત્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ફિક્સ પગારના કર્મીઓના




વેતનમાં રૂપિયા ૨,૦૦૦ સુધીનો વધારો કરાયો છે. ડ્રાઈવર અને કંડકટરના ગ્રેડ–પેની અમલવારી કરીને તે મુજબનું ચુકવવાનું બાકી એરીયર્સ તારીખ ૧ ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં ચુકવવામાં આવશે. નિગમના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની ૧૧% અસર સપ્ટેમ્બર ૨૦૨૨ અને પેઈડ ઈન ઓકટોબર ૨૦૨૨ માં અસર આપવામાં આવશે. જ્યારે બાકી ૩% મોંઘવારી ભથ્થાની અસર તારીખ ૧ ફેબ્રુઆરી ૨૦૨૩ થી આપવામાં આવશે. આ ૧૧% મોંઘવારી ભથ્થાના એરીયર્સની રકમ ત્રણ હપ્તામાં ચુકવવા નકકી કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ હપ્તો ૨૪ ઓકટોબર ૨૦૨૨ સુધીમાં, બીજો હપ્તો ૧૪ જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં, જ્યારે ત્રીજો હપ્તો ૨૫ એપ્રિલ ૨૦૨૩ સુધીમાં આપવામાં આવશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતું.

તેમણે જણાવ્યું હતું કે,કર્મીઓને આપવામાં આવતું ખાસ ભથ્થુ, સ્પે.પે, રાત્રિ પાળી ભથ્થુ, કેશ એલાઉન્સ, ધોલાઈ ભથ્થુ, બુટ ભથ્થુ, લાઈન ભથ્થું, રાત્રિ રોકાણ ભથ્થુ, આઉટ સ્ટે એલાઉન્સ અને મેળા ભથ્થામાં નોંધપાત્ર સુધારો કરવા નિર્ણય કરવામાં આવ્યો છે.આ ઉપરાંત નિગમના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ પ્રમાણે નોશનલ, ઈક્રીમેન્ટ અને સુધારેલ ગ્રેડ–પે ધ્યાને લઈને તે મુજબ ઓવરટાઈમ ચુકવવામાં આવશે.


વર્ષ ૨૦૨૧–૨૦૨૨ની હકક રજાનું રોકડમાં ચુકવણું તેમજ નિવૃત્ત કર્મચારીઓનું ચુકવણું આગામી ૨૪ ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડ્રાઈવર કમ કંડકટરના સંવર્ગ રદ કરીને ડ્રાયવર અથવા કંડકટર પૈકી તેમની પસંદગી મુજબ જે તે કક્ષામાં તેઓનો સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦–૨૧ના વર્ષના એકસકગ્રેસીયા બોનસનું ચુકવણું કરવાનો નિર્ણય તેમજ નિગમ કક્ષાએ નવીન હેલ્પલાઈન નંબર પ્રસિધ્ધ કરીને આ પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે તેમ મંત્રીશ્રી મોદીએ વિગતો આપતાં જણાવ્યું હતું.

## મુંબઈ પોર્ટ પરથી ઝડપાયું ૧૭૨૫ કરોડની કિંમતનું હેરોઈન, ૨ અફઘાની નાગરિકોની ધરપકડ

મુંબઈ,

મુંબઈના નવા શેરા પોર્ટ પરથી ૨૦ ટનથી વધુ હેરોઈન મળી આવ્યો છે. દિલ્હી પોલીસને હેરોઇનનો અત્યાર સુધીનો સૌથી મોટો જથ્થો મળી આવ્યો છે, જેની કિંમત આશરે ૧૭૨૫ કરોડ રૂપિયા છે. સ્પેશિયલ સીપી એચજીએસ ધાલીવાલે જણાવ્યું હતું કે જપ્ત કરવામાં આવેલા હેરોઇનની કુલ કિંમત આશરે ૧,૭૨૫ કરોડ રૂપિયા છે. કન્ટેનરને દિલ્હી લાવવામાં આવ્યું છે. આ પકડાયેલ ડ્રગ્સથી તે સ્પષ્ટ થાય છે કે નાર્કો આતંક આપણા દેશ પર કેવી અસર કરી રહ્યો છે. વિશ્વના ડ્રગ ડીલર્સ આપણા દેશમાં ડ્રગ્સ સપ્લાય કરવા માટે વિવિધ કીમિયાઓનો ઉપયોગ કરી રહ્યા છે.

એવું કહેવામાં આવે છે કે મોટી માત્રામાં હેરોઈન મેળવવાના આ કેસના તાર નાર્કો ટેરર સાથે જોડાયેલા



છે. સ્પેશિયલ સેલે થોડા દિવસો પહેલા બે અફઘાનની ધરપકડ કરીને નાર્કો આતંકનો પર્દાફાશ કર્યો હતો. ત્યારબાદ સ્પેશિયલ સેલે ૧૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડ્યું હતું. પૂછપરછ દરમિયાન અફઘાન નાગરિકોએ ખુલાસો કર્યો હતો કે આ ડ્રગ મુંબઈના બંદર પર કન્ટેનરમાં પણ હાજર હતું.

આ મહિનાની શરૂઆતમાં દિલ્હી પોલીસે કાલિંદી કુંજ વિસ્તારમાંથી બે અફઘાન નાગરિકોની ધરપકડ કરી હતી. તેના કહેવા પર દિલ્હી, ગ્રેટર નોઈડા અને લખનઉમાંથી ૧૨૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ મળી આવ્યું હતું. આ ડ્રગના પૈસા પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ પાસે જવાના હતા. આથી પોલીસે નાર્કો ટેરરનો કેસ ગણીને યુએપીએ હેઠળ બંને આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. હવે આ જ આરોપીઓના કહેવાથી ડ્રગ્સ ભરેલું કન્ટેનર મળી આવ્યું છે.

આ કેસને ખૂબ જ સંવેદનશીલ ગણાવવામાં આવી રહ્યો છે, બે દિવસ પહેલા દુનિયાના સૌથી મોટા ડ્રગ માફિયા ગણાતા અફઘાન નાગરિક નૂરઝાહીને અમેરિકાની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. ૧૯૮૦ના દાયકામાં નૂરને અફઘાનિસ્તાનના સંગઠનોથી લઈને વિશ્વના ઘણા દેશોમાં ડ્રગના વેપારના હેન્ડલર તરીકે વર્ણવવામાં આવી હતી. તેમણે અમેરિકાના ડ્રગ એજન્ટ તરીકે પણ વર્ષો સુધી કામ કર્યું હતું. ત્યારબાદ નૂરને અમેરિકન એજન્ટો સાથે કેટલાક મતભેદોને કારણે અમેરિકાની જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. હવે નૂરની મુક્તિ બાદ ફરી એક વાર ડ્રગ્સની હેરાફેરીનું જોખમ વધવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે.

## દિલ્હીમાં સૂતેલા ૬ લોકોને ટ્રકે કચડી નાંખ્યા, ૪ લોકોના મોત, એકની હાલત ગંભીર

નવીદિલ્હી,

દેશની રાજધાની દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં ગઈકાલે રાત્રે ઓવરસ્પીડેના કારણે એક ટ્રકે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક અનિયંત્રિત ટ્રકે રસ્તાના કિનારે સૂઈ રહેલા ૬ લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ચાર લોકોના મોત થયા હોવાનું કહેવાય છે, જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું કે આ ઘટના સીમાપુરીમાં ડીટીસી ડેપો રેડલાઈટ પાસે બની હતી. આ ઘટના બુધવારે બપોરે લગભગ ૨ વાગ્યે બની હતી, જ્યારે એક ઝડપી ટ્રકે રોડ ડિવાઈડર પર સૂઈ રહેલા છ લોકોને ટક્કર મારી હતી, જેમાંથી ચારના મોત થયા હતા અને બેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાની માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતકોના મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જોકે અંધારાનો લાભ લઈ ટ્રક ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. હાલ પોલીસ ટીમે આ મામલે તપાસ શરૂ કરી છે. દિલ્હી પોલીસે મૃતકોની ઓળખ કરી છે, જે મુજબ ૫૨ વર્ષીય કરીમ, ૨૫ વર્ષીય છોટે ખાન, ૩૮ વર્ષીય શાહઆલમ અને ૪૫ વર્ષીય રાહુલ મૃત્યુ પામ્યા હતા, જ્યારે ૧૬ વર્ષીય મનીષ અને ૩૦ વર્ષીય -વર્ષનો પ્રદીપ ઘાયલ થયો હતો. પોલીસે જણાવ્યું કે અકસ્માતમાં સામેલ ટ્રકને શોધવા માટે ઘણી ટીમો બનાવવામાં આવી છે અને યોગ્ય કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## ડિઝિટલ લેવડ-દેવડને પ્રોત્સાહન આપવા RBI ની ત્રણ નવી પહેલ

મુંબઈ,

ડિઝીટલ લેવડ-દેવડ માટે આરબીઆઈએ ત્રણ નવી પહેલ કરી છે. આ સેવાઓ શરૂ થયા બાદ ૩૦ કરોડ નવા લોકો ડિઝીટલ પેમેન્ટ સાથે જોડાઈ જશે. આરબીઆઈ ગવર્નર શક્તિકાંતા દાસે ડિઝીટલ લેવડ-દેવડને પ્રોત્સાહન આપવા માટે ત્રણ નવી ડિઝીટલ પેમેન્ટની પહેલની શરૂઆત કરી છે. મુંબઈમાં આયોજીત ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૨માં આરબીઆઈ ગવર્નરે યુપીઆઈ પર રૂપે ક્રેડીટ કાર્ડ, યુપીઆઈ લાઈટ અને ભારત બિલ પે ક્રોસ-બોર્ડર બિલ પેમેન્ટ સોલ્યુશંસ સેવા લોન્ચ કરી છે.આ સેવાઓ શરૂ થયા બાદ ૩૦ કરોડ વધુ નવા લોકો ડિઝીટલ પેમેન્ટની આ સીસ્ટમ સાથે જોડાઈ શકશે. ગવર્નર દાસે



લોન આપનારી એપ અને તેમના દ્વાર વસુલાતા ઉંચા વ્યાજને લઈને એલર્ટ કર્યા છે. રૂપે ક્રેડીટ કાર્ડની સાથે સાથે યુપીઆઈ લિંકથી કસ્ટમર્સ અને મર્ચન્ટ બન્નેને ફાયદો થશે. તેમાં કયુઆર કોડના માધ્યમથી કસ્ટમર્સ ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરી શકશે. નાના મૂલ્યની લેવડ-દેવડ સરળતાથી યુપીઆઈ લાઈટના માધ્યમથી કરી શકાશે. ભીમ એપ પર યુપીઆઈ લાઈટથી ગ્રાહક ઓફલાઈન મોડમાં નાના મૂલ્યની લેવડ-દેવડ કરી શકશે.

## પીલીભીતમાં ગેંગરેપ બાદ જીવતી સળગાવી દેવાયેલી યુવતી છેવટે મૃત્યુને ભેટી

પીલીભીત,

ઉત્તર પ્રદેશના પીલીભીત જિલ્લામાં બે પુરુષો દ્વારા કથિત રીતે સામૂહિક દુષ્કર્મ બાદ સળગાવી દેવામાં આવી હતી તે એક યુવતીનું મંગળવારે મૃત્યુ થઈ ગયું હતું. આ ઘટના ૭ સપ્ટેમ્બરે બની હતી. આ મામલામાં એફઆઈઆર ૧૦ સપ્ટેમ્બરે નોંધવામાં આવી હતી. ૧૨ દિવસ સુધી જીવન સંઘર્ષ કર્યા બાદ આખરે પીડિતાનું મોત થયું હતું.

આ કેસમાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પીલીભીત પોલીસના જણાવ્યા અનુસાર, છોકરીનું મંગળવારે લખનૌની એક હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. તેના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે પીલીભીત લઈ જવામાં આવ્યો છે.

જણાવાઈ રહ્યું છે કે છોકરી પર દુષ્કર્મ ગુજાર્યા બાદ આરોપીએ તેની પર ડીઝલ નાખીને સળગાવી દીધી હતી. પીડિત યુવતીને લખનૌની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ બાદ છોકરીનો મૃતદેહ તેના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

## આર્થિક પછાત વર્ગને ૧૦ ટકા અનામત જરૂરી ST/SCના હક્કો છીનવાતા નથી : કેન્દ્ર

નવીદિલ્હી,

દેશમાં આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકા અનામતની જોગવાઈને પડકારતી રિટ અરજી પર કેન્દ્ર સરકારે પોતાના સોગંદનામામાં આ અનામત સામાન્ય વર્ગના ગરીબ લોકો માટે ક્રાંતિકારી સાબિત થઈ રહી છે તેવું જણાવીને એ પણ સ્પષ્ટ કર્યું કે અનામત પર સામાન્ય વર્ગનો પણ અધિકાર છે અને આ કવોટાથી એસસી-એસટી કે અન્ય કોઈ અનામત ધરાવતા વર્ગને નુકશાન થતું નથી.

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન બાદ મોદી સરકાર દ્વારા ૧૦ ટકા અનામત સવર્ણ સમાજ માટે દેશભરમાં દાખલ કરવામાં આવી હતી અને તેના કારણે કુલ અનામતની ટકાવારી ૫૦ ટકાથી વધુ વધી ગઈ હતી. આ ઉપરાંત આર્થિક અનામત એ બંધારણીય ખ્યાલ નથી તેવું જણાવાયું હતું અને તેને પડકારતી અરજી સમયે એટર્ની જર્નલ વેણુગોપાલને જણાવ્યું કે નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં આર્થિક અનામત માટે ૧૦ ટકા અનામતરાખવાનો નિર્ણય બંધારણીય છે અને આ માટે બંધારણની કલમ ૧૫ અને ૧૬માં સુધારો કરાયો છે.

આર્થિક પછાત વર્ગને પણ અનામતનો અધિકાર છે. ગઈકાલે સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી સમયે એટર્ની જર્નલે દલીલ કરી કે દેશમાં એસટી-એસસી, ઓબીસી સહિતના વર્ગને લાંબા સમયથી અનામતનો લાભ આપવામાં આવે છે અને આ વર્તમાન ૧૦ ટકા અનામતથી અન્ય કોઈ વર્ગના અધિકાર પર તરાપ પડતી નથી કે તેમને નુકશાન જતું નથી.

સર્વોચ્ચ અદાલતમાં એ પણ દલીલ કરવામાં આવી કે, કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૧૯માં બંધારણીય સુધારો કરીને આ ૧૦ ટકા અનામત અમલી બનાવી છે પણ સુપ્રિમ કોર્ટે જે મહતમ ૫૦ ટકા અનામતની જોગવાઈ કરી છે તેનાથી સર્વોચ્ચ અદાલતના આદેશનો ભંગ થાય છે તે દલીલ પણ નકારી હતી અને જણાવ્યું કે સરકારે બંધારણીય સુધારણા હેઠળ આ અનામત આપી છે અને તેનાથી કોઈ કાનૂન ભંગ થતો નથી.


અભીનંદન...

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

કેલીયા અર્થ સેવા સ. મં.લી.

તરફથી અભીનંદન....

મુ. કેલીયા, તા. દે.બારીઆ, જી. દાહોદ



અભીનંદન...

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

નાડાતોડ દૂધ ઉ.સ.મં.લી.

તરફથી અભીનંદન....

મુ. બામરોલી, તા. દે.બરીઆ, જી. દાહોદ


### જાહેર નિવિદા (ઈ-ટેન્ડર)

### કાલોલ નગરપાલિકા સને ૨૦૨૨-૨૩

ચીફ ઓફિસરશ્રી કાલોલ નગરપાલિકા દ્વારા સરકારશ્રી ની સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યાજના SJMMSVY ૨૧/૨૨ આગવી ઓળખ ની ગ્રાન્ટ હેઠળ "ડેવલોપમેન્ટ ઓફ પોન્ડ એટ કાલોલ ફોર કાલોલ નગરપાલિકા" રકમ રૂા.૩,૫૪,૦૯,૯૪૨.૬૬/– ના કામ માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસે થી ઓનલાઈન ઈ–ટેન્ડરીંગ દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે વેબસાઈટ http://www.nprocure.com ઉપર તારીખ ૦૪/૧૦/૨૦૨૨ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા અપલોડ કરી શકાશે. ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય માંગેલ દસ્તાવેજો ફિઝિકલ રજૂ કરવાનો સમયગાળો તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી સીલબંધ કવરમાં ચીફ ઓફિસરશ્રીના નામે નગરપાલિકા કાલોલ જી.પંચમહાલ પિન–૩૮૯૩૩૦ ના સરનામે રજી.પોસ્ટ.એડી/સ્પીડપોસ્ટ થી મોકલવાનો રેહશે. ટેન્ડર કવર પર ટેન્ડર ID તથા કામનું નામ લખવાનું રહેશે. આ ટેન્ડર સબંધી વધુ વિગતો ઉપર જણાવેલ વેબસાઈટ ઉપર થી જોવા મળશે.

કોઈપણ એક ટેન્ડર મંજુર કરવા અથવા તમામ ટેન્ડરો નામંજુર (રદ) કરવાની સત્તા કાલોલ નગરપાલિકાને અબાધિત રહેશે.

| વિનય કે. ડામોર | નારાયણભાઈ જી. કાછીયા | યુવરાજસિંહ એમ. રાઠોડ | શેફાલીબેન એ. ઉપાધ્યાય |
|---|---|---|---|
| ચીફ ઓફીસર | ઉપપ્રમુખ | કારોબારી અધ્યક્ષ | પ્રમુખ |
| નગરપાલિકા કાલોલ, | નગરપાલિકા કાલોલ, | નગરપાલિકા કાલોલ, | નગરપાલિકા કાલોલ, |
| જી.પંચમહાલ | જી.પંચમહાલ | જી.પંચમહાલ | જી.પંચમહાલ |

માહિતી/ગોધરા/૫૪૫/૨૦૨૨

### ઓનલાઈન ટેન્ડરીંગ

### નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

### "ઈ" પ્રોકયોરમેન્ટ નોટીસ નં."૦૬" સને ૨૦૨૨-૨૩ નો સુધારો નં-૧

### ગુજરાત સરકાર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા–૩૮૯૦૦૧ જી.પંચમહાલ, ફોન નં.(૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી જુદા–જુદા ૨ કામો માટે ઓનલાઈન ટેન્ડર, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવેલ હતા. જેની જગ્યાયે ૧૧ કામો ધ્યાને લેવા. જેની અંદાજીત રકમ રૂ.૯.૬૫ લાખ થી રૂ.૪૬.૨૮ લાખ છે. ઓનલાઈન ટેન્ડર ડોક્યુમેન્ટ સાઈટ http://nwr.nprocure.com પર તા.૦૧/૧૦/૨૦૨૨, ૧૮–૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. જ્યારે કામના ઓનલાઈન ટેન્ડરમાં જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮–૦૦ કલાક સુધી રજી.પોસ્ટ એડી.થી મોકલવાના રહેશે.

વધુ વિગતો માટે ઉપરોકત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૫૪૪/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર સહિત સમગ્ર ગોધરા વિભાગના કર્મચારીઓ વિવિધ માંગણીઓને લઈ આંદોલન ઉપર ઉતર્યા

સંતરામપુર,
એસટી વિભાગના જવાબદાર કર્મચારીઓ તેમજ યુનિયનના જવાબદાર નેતાઓ દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર આવનારી તારીખ ૨૨/૯/૨૨ને મધ્યરાત્રી થી સમગ્ર ગુજરાતની એસટીના પૈડાઓ રાતોરાત થંભી જવાના છે. છેલ્લા કેટલાય દિવસોથી સરકાર સામે તેમની આશરે ૧૩ જેટલી પડતર માંગણીઓને લઈને અવારનવાર સરકાર સાથે બેઠક યોજવા છતાં પણ તેનો કોઈ યોગ્ય નિર્ણય ન આવતા સંતરામપુર સહિત સમગ્ર ગોધરા ડિવિઝનના તમામ કર્મચારી મંડળના કામદારો, યુનિયનો, મજદૂર સંઘના કામદાર સહિત મિકેનિકલ વિભાગના તમામ કર્મચારીઓ પણ પોતાની વિવિધ માંગણીઓને લઈને આ આંદોલનમાં સહભાગી થયા છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આંદોલનકારીઓએ સરકાર સામે ગ્રેડ-પેની માંગણી સાતમા પગાર પંચનો લાભ અને તે પગાર પંચના લાભ મુજબ મેડીકલ ભથ્થા અને જ્યારે કર્મચારી રીટાયર્ડ થાય ત્યારે તેને સારામાં સારૂં પેન્શન અને તેના પરિવારને સરકાર તરફથી મળતા તમામ લાભો જે અત્યાર સુધી મળતા નથી. તે તમામ લાભો મળવા પાત્ર બને તેવી ૧૩ પ્રકારની માંગણીઓ સાથે આંદોલન છેડી દીધું છે.

આજે તેમણે સંતરામપુર ખાતે અને ગોધરા ડિવિઝન ખાતે તેમની માંગણીને લઈને સૂત્રોચ્ચાર કર્યો હતો અને કાળી પટ્ટી બાંધીને ઉગ્ર વિરોધ કર્યો હતો. અમારી માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો આવનાર તારીખ ૨૨-૯-૨૦૨૨ ને મધ્યરાત્રી થી એસ.ટી.ને સમગ્ર ગુજરાતમાં તમામ પ્રકારના રૂટો બંધ કરવાની ફરજ પડશે. આ આંદોલન કયા પ્રકારે ચાલશે અને કેટલું આક્રમક બનશે તે તો આવનારો સમય જ બતાવશે.

# લુણાવાડા શહેરના ટીબીના દર્દીઓને મહારાણા સિદ્ધરાજસિંહજી તરફથી પોષણ કીટ સહાય અપાઈ

મહિસાગર,
ભારત સરકાર વર્ષ ૨૦૨૫ સુધીમાં ક્ષયમુક્ત બનાવવા કટિબદ્ધ છે. જેના અનુસંધાને સરકારના નિ-ક્ષય મિત્ર અભિયાન અંતર્ગત અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ, લુણાવાડાના પ્રમુખ એચ.એચ.મહારાણા સિદ્ધરાજસિંહજી તરફથી લુણાવાડા શહેરના અર્બન હેલ્થ સેન્ટર ખાતે સારવાર લઈ રહેલ ટીબીના તમામ દર્દીઓને જ્યાં સુધી સારવાર ચાલુ રહે ત્યાં સુધી પ્રોટીનયુક્ત પોષણ કીટ આપવામાં આવશે. આજરોજ લુણાવાડા શહેરના ટીબી રોગના દર્દીઓને પોષણ કીટ અપાઈ હતી તથા સરકારના નિ-ક્ષય મિત્ર અભિયાન અંતર્ગત અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા જીલ્લા ક્ષય કેન્દ્રના માર્ગદર્શન દ્વારા ટીબીના હાલ સારવાર પર ના ૨૭ દર્દીઓને કીટ આપવમાં આવી.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

પોષણ કીટ સાથે દર્દીઓના નિયમિત સંપર્કમાં રહી આત્મીયતા બાંધી અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ, લુણાવાડાના પ્રમુખ એચ.એચ. મહારાણા સિદ્ધરાજસિંહજી દ્વારા દર્દીઓના સ્વાથસ્થ વિશે માહિતી પણ એકત્રિત કરવામાં આવશે. વધુમાં એચ.એચ.મહારાણા સિદ્ધરાજસિંહજી દ્વારા લુણાવાડા શહેરના ટીબીના દર્દીઓને વહેલી તકે પોતાના સ્વાસ્થ્યમાં સુધારો થાય અને લુણાવાડા શહેરના ટીબીના દર્દીઓમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે તેવી આશા વ્યક્ત કરી હતી. સરકાર ઝીરો ટીબી કેસ તરફ પ્રયાસરત છે અને વધુ માં વધુ ટીબી રોગીઓની સહાયતા કરવાનો સંકલ્પ લઈને લુણાવાડા શહેરના સામાન્ય નાગરિક, જનપ્રતિનિધિ, બિનસરકારી સંસ્થા, કોર્પોરેટ સંસ્થાઓને નિ-ક્ષય મિત્ર બનવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. કે.કે. પરમાર દ્વારા કીટની ઉપયોગીતા વિશે દર્દીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બાબતે દર્દીઓએ પ્રતિભાવ આપતા જણાવ્યું કે, મહારાજાએ સારવારમાં મદદ કરી અને અમને નવજીવન બક્ષ્યું હોવાથી સૌ દર્દીઓએ મહારાજાનો આભાર માન્યો હતો.

આ પોષણકીટ વિતરણ કાર્યક્રમમાં અંબાજી માતાજી મંદિર ટ્રસ્ટ, લુણાવાડાના પ્રમુખ એચ.એચ. મહારાણા સિદ્ધરાજસિંહજી, નગરપાલિકા પ્રમુખ, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, અર્બન હેલ્થ સેન્ટર મેડીકલ ઓફિસર અને તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# વર્લ્ડ ગ્રેટેસ્ટ રેકોર્ડમાં મહિસાગરના આર્ટિસ્ટના પેઈન્ટીંગને સ્થાન મળ્યું

મહીસાગર,
રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવનાર કલાસાધક મહીસાગર જિલ્લાના યુવા ચિત્રકાર બીપીન પટેલે પોતાની યાત્રા ૨૦૧૬ થી ચાલુ કરેલી જે આજે ૨૦૨૨ ના રોજ એક વોટર કલર પેઈન્ટિંગ બનાવી અનોખી કલાસાધના જીવનમાં આત્મસાર કરનારા આર્ટિસ્ટ બીપીન પટેલે વિશ્વસ્તરે અને આંતરરાષ્ટ્રીયસ્તરે પણ નામના મેળવી છે.

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના છાયણ જેવા નાના ગામમાંથી આવતા ચિત્રકાર બીપીન પટેલે વોટર કલર થી ઐતિહાસિક સ્થળો, ગ્રામ્ય જીવન, ધબકતું શહેર, જનજાગૃતિ સંદેશ આપતા અસંખ્ય ચિત્રોનું સર્જન કર્યું છે. બરોડા યુનિવર્સિટીમાંથી ફાઈન આર્ટસ માસ્ટર ડિગ્રી નો અભ્યાસ કરેલો છે.



હાલમાં જ ચિત્રકાર બીપીનભાઈને ૨૩૦૦ દિવસમાં ૨૩૦૦ પેઈન્ટીંગ વર્લ્ડ ગ્રેટેસ્ટ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. જેની સરાહનીય કલેક્ટર દ્વારા કરવામાં આવ્યું અને તેઓને કલેક્ટરની કચેરી કલેક્ટર ડો.મનીષકુમારના હસ્તે બિપિન પટેલનું કરાયું સન્માન.

આ પહેલા તેમનો એક અનોખો કીર્તિમાન છે તેઓએ સતત રોજ એક વોટર કલર પેઈન્ટિંગ ના ૧૦૦૦ દિવસમાં ૧૦૦૦ પેઈન્ટિંગ પૂર્ણ કર્યા ત્યારે ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું અને ૧૫૦૦ દિવસમાં ૧૫૦૦ પેઈન્ટિંગ પૂર્ણ કર્યા ત્યારે પણ ઈન્ડિયા વલ્ડે રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. યુનેસ્કો દ્વારા આયોજિત હેરિટેજ રાણકીવાવ પાટણ ખાતે દર વર્ષે યોજાતી લાઈવ પેઈન્ટિંગ સ્પર્ધામાં સળંગ ચાર એવોર્ડ મેળવેલ છે. અગાઉ પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના જન્મદિવસ ઉપર બનાવેલ વોટર કલર પેઈન્ટિંગે દિલ્હી ખાતે પીએમ ઓફિસમાં શોભા વધારી છે.

# મહિસાગર જિલ્લામાં દિવ્યાંગ કલ્યાણ પારિતોષિક માટેની અરજીઓ ૧૯ ઓક્ટોબર સુધી સ્વીકારવામાં આવશે

મહિસાગર,
મહીસાગર જીલ્લા માટે વર્ષ -૨૦૨૨ ના શારીરીક ક્ષતી ધરાવતા દિવ્યાંગ કર્મચારીઓ અને સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દીવ્યગોને નોકરીએ રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતા તથા દિવ્યાંગો વક્તિઓને થાળે પડવાની કામગીરી કરતા પ્લેસમેન્ટ ઓફિસર્સ કેટેગરીમાં રાષ્ટ્રીય અને ગુજરાત રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ તરફ થી આપવામાં આવનારમાં દિવ્યાંગ કલ્યાણ પારિતોષિક માટે અરજીઓ મંગાવવામાં આવે છે. દીવ્યાગો કલ્યાણ પારિતોષિક માટેની અરજીનો નમુનો અત્રેની ખાતાની વેબસાઈટ www. talimrojgar.gujrat. gov.in પરથી તથા જીલ્લા રોજગાર કચેરી મહીસાગર સેવાસદન-૨, બીજા માળ રૂમ નં.૨૨૨,૨૨૩ ખાતે થી વિનામૂલ્યે તા.૧૯/૧૦/૨૦૨૨સુધીમાં મળી શકશે. જે તા ૧૯/૧૦/૨૦૨૨ સુધી માં સ્વીકારશે, વધુ માહિતી માટે કચેરી ના હેલ્પ લાઈન નંબર-(૦૨૬૭૪) ૨૫૦૩૦૬ પર સંપર્ક કરવો. તેમ રોજગાર અધિકારી (જન) લુણાવાડા, મહીસાગરની અખબારી યાદીમાં જણાવેલ છે.

# મહિસાગર જિલ્લામાં મહિલા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીનો વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું

મહિસાગર,
મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આત્મનિર્ભર મહિલા કિસાન પખવાડિયા અંતર્ગત મહિલા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતીના વર્કશોપનુ આયોજન કરવામાં આવેલ, જેમાં પ્રાકૃતિક ખેતીનું ઊંડાણ પૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ મહિલાઓ આત્મનિર્ભર કઈ રીતે થઈ શકાય તેની માહિતી આપવામાં આવી જેમાં સંયોજક શૈલસપટેલ, પ્રદિપ સિંહ પુવાર જેઓએ પાકૃતિક ખેતી થી આત્મનિર્ભર બનવા વિશેનું માર્ગદર્શન આપ્યું.તાલુકા ના આત્મા પ્રોજેકટના મનિશ ભાઈ અને જાબિર ભાઈએ ખેડુત બહેનોને ઊંડાણ પૂર્વક પ્રાકૃતિક ખેતીની મુલ્યવર્ધિત બનાવટો માટેની માહિતી આપી.

પ્રોજેકટના અમલથી ખેડૂતોને રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશક દવાથી થતી કેન્સર જેવી બિમારીઓ અને અન્ય આડઅસરોથી ખેડૂતો મુક્તિ અપાવી ખેડૂતોને રસાયણ મુક્ત ખેતી તરફ વાળી શકાય એમ છે. વધુંમાં, ઓર્ગેનિક/નેચરલ ફાર્મિંગ થકી ખેડૂતોની આવક બમણી કરવાનો સરકાર નો નિર્ધાર પૂર્ણ કરી શકાય એમ છે. ખેડૂતો રસાયણ મુક્ત ખેતી તરફ વળતા દેશને વિદેશોમાંથી ખાતર ખરીદીમાં લાખો રૂપિયાનું વિદેશી હુંડીયામણની બચત થશે. તાલુકા સંયોજક દ્વારા પ્રાકૃતિક કૃષિના ચાર આધાર સ્થંભ વિશે માહિતી અને માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું.

ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને જમીન અને પર્યાવરણ બચાવીને આવનારી પેઢીને રોગમુક્ત બાનાવીએ. અને આપણી ધરતીમાતાની ફળદ્રુપતા જાળવી રાખીએ તે માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા અને વાળવા માટે જણાવ્યું. આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી પદ્ધતિની માહિતી આપવામાં આવી.

# મહિસાગરમાં R&Bની સરાહનીય કામગીરી

લુણાવાડા,
લુણાવાડા- સંતરમપુર રોડ ઉપર વર્ષો થી ચોમાસા દરમિયાન પાણી ભરાઈ રહેતું હતું. જેના કારણે વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડતો હતો ઢીંચણ સમાં પાણી માંથી લોકોને પસાર થવું પડતું હતું. એ સમસ્યાને ધ્યાનમાં લઈ કાર્યપાલક ઈજનેર શરદ વી. રાજગોર દ્વારા આ રોડનું તાત્કાલિક સમારકામ હાથ ધરવાના ઓર્ડર કરવામાં આવ્યા. આ



સિવાય પણ જિલ્લાના ચોમાસા દરમિયાન તૂટેલા રસ્તાઓના તાત્કાલિક પણે સમારકામ કરાવવામાં આવ્યા.

# રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અને પંચમહાલ વહીવટી તંત્ર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બાળકોના અધિકાર અંગે બેઠક યોજાઇ

ગોધરા,
રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ભારત સરકાર અને પંચમહાલ વહીવટી તંત્ર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે આજ રોજ જિલ્લા સેવાસદન ગોધરા, કલેક્ટર કચેરી હોલ ખાતે કલેક્ટર સુજલ મયાત્રાની અદયક્ષતામાં રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ અંતર્ગત બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં કલેક્ટર અને અધિક જિલ્લા કલેક્ટર એમ.ડી.ચુડાસમા દ્વારા સબંધીત અધિકારો ગણો સાથે સુચારૂ સલાહ સૂચનો કરાયા હતા. જે અંતર્ગત બાળકો અંગેની બાળ મજુરી, બાળ ભિક્ષાવૃત્તિ, ચાઇલ્ડ ટ્રાફીકીંગ, ઘરેલુ હિંસાથી પિડીત બાળકો, સરકારી તેમજ બિન સરકારી નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ, છાત્રાલયોમાં બાળકો અંગે ગેરરીતિ, શાળાઓમાં પાયાની જરૂરીયાતોના અભાવ, શાળાઓમાં એક સાથે ફી ભરવા માટે દબાણ અંગે, શાળાઓમાં બાળકોને શારીરિક યાતનાઓ બાબત, શાળાઓમાં બાળકોના નામ નોંધણી અંગેના પશ્નો, દિવ્યાંગ બાળકો, બાળકો સાથે ભેદભાવ, બાળકોનું યૌન શોષણ, બાળકોની સારવારમાં તબીબી પ્રક્રીયામાં બેદરકારી, બાળકોના કુપોષણ, મધ્યાહન ભોજન જેવી બાળકોના આરોગ્ય શિક્ષણ, સુરક્ષા જેવા અધિકારો બાબતે યોગ્ય પગલાં ભરવા અને સુચારૂ આયોજન કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે એન.સી.પી.સી.આર ટેકનિકલ એક્સપર્ટ હિમાનીબેન દ્વારા પણ ઉપસ્થિતો સાથે ચર્ચા વિચારણા કરાઇ હતી.



આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળસુરક્ષા અધિકારી, બાળકોના અધિકાર લઈને એનજીઓના પ્રતિનિધિઓ સહિત સબંધીત અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# દશેના મેળાના આયોજન સાથે દે.બારીયા શહેરમાં સર્કલ બજારમાં નવરાત્રી પર્વની તડામાર તૈયારીઓ શરૂ થઈ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા શહેર સ્ટેટના સમયનો જુના રજવાડાનો એક સ્ટેટના રાજ્યમાં ગણના થતી હતી. બારીયા સ્ટેટ ભૌગોલિક દ્રષ્ટીએ બીજા નંબરે અને મિલેટ્રીના દ્રષ્ટીએ અવ્વલ નંબરનું રાજ્યમાં ગણના થતી હતી. બારીયા સ્ટેટની મિલેટ્રીના સૈનિકો જાપાન સામે પણ લડયા હતા. આ અમારા પુરવજો વાણી વાતોમાં જણાવતા હતા. રજવાડીના સમય થી શહેરમાં નવરાત્રીનું પર્વ થાય છે અને આ દશમાં દિવસે વિજય દશમીનો દિવસ દશેરાનો મેળો ભરાતો હોય છે. આ મેળામાં છોટાઉદેપુર, કવાંટના રાઠવા સમાજ મેળામાં ભાગ લેવા આવતા હતા અને આ મેળો ત્રણ દિવસનો સૌથી મોટો મેળો હતો. દશેરાના મેળો જે આજે પણ જવાનું આતુરતાથી રાહ જોવાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના મેન સર્કલ બજારમાં માં જય અંબે ગરબા આયોજકોના દ્વારા માં અંબાના આગમનને આવકારવા માટે પુરજોશમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ૨૬ સપ્ટેમ્બર થી આખા રાજ્યભરમાં નવરાત્રીની ધામધુમ પૂર્વક ઉજવણી કરવામાં આવનાર છે. જેના પગલે આયોજીતો દ્વારા સર્કલ બજારના ખાતે ગરબાના કલાકારોને ગાવા માટે એક મોટ્ટો સ્ટેજ ઉભો કરવામાં આવ્યો છે. નવલા નોરતાનો થનગનાટ ૨૦૨૨ નવરાત્રી પર્વને અનુલક્ષી તૈયારીઓમાં આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ગરબાના આયોજકો આખા સર્કલમાં ફરતે વિજ્ઞાપનોના હોડીંગો તથા ડેકોરેશન ગરબા ગાનાર કલાકારો માટે સ્ટેજ તેમજ ખાણી પીણાના સ્ટોલોને વધુ સુવિધા ઉભી કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, કોરોનાકાળના બે વર્ષ બાદ આ વર્ષે ફરીથી નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવતા ગરબા રસીકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે. માં શકિત આરાધના અને ગરબે ધુમવા યુવા ધન આતુરતા પૂર્વક નવરાત્રીની રાહ જોઈ રહ્યું છે. નવરાત્રી શરૂ થતાં પહેલા દશેરાના મેળા માટે પ્લોટોની હરાજી પૂર્ણ કરી દેવાતી હોય છે. પરંતુ હાલમાં પ્લોટોની જાહેર હરાજી હજુ સુધી નથી થઈ શું ? છેલ્લીઘડીએ જાહેર હરાજીમાં પાલિકાના સભ્યોના મળતીયાઓ ભેગા મળીને જાહેર હરાજીને આટોપી લેવાના મનસુબા બનાવી લધા છે. જે દે.બારીયાનું મહેસુલી તંત્ર આના ઉપર બાજ નજર રાખે તેવી આમ, જનતાની માંગણી છે.

# ફતેપુરા તાલુકામાં પશુ સારવાર માટે ફાળવવામાં આવેલ એમ્બ્યુલન્સમાં ગણતરીના ગામડાઓ નો સમાવેશ કરાયો : અન્ય ગામડાઓની બાદબાકી કેમ?

ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં ફતેપુરા બલૈયા તથા સુખસર ખાતે પશુ સારવાર કેન્દ્રો આવેલા છે. જેમાં પશુઓને ઘર બેઠા સારવાર મળી રહે તે હેતુથી સરકાર દ્વારા બે એમ્બ્યુલન્સ પણ ફાળવવામાં આવેલ છે અને આ એમ્બ્યુલન્સને જાણ કરતા પશુ ડોક્ટર જે-તે પશુપાલકના ઘરે પહોંચી દવા સારવાર આપી રહ્યા છે. પરંતુ ફાળવવામાં આવેલ એમ્બ્યુલન્સોને તાલુકાના માત્ર ૨૪ ગામડાઓ પૂરતી મર્યાદિત રાખવામાં આવ્યા છેજ્યારે બાકીના પશુપાલકો જે-તે પશુ ચિકિત્સાલયમાં પોતાના પશુને લઈને જાય છે અથવા તો પશુની ગંભીર સ્થિતિમાં પશુ દવાખાના માંથી જે-તે કર્મચારીને પશુપાલકો ઘરે બોલાવી સારવાર કરાવતા હોય છે. ત્યારે પશુ સારવાર માટે ફાળવવામાં આવેલ એમ્બ્યુલન્સ માં તાલુકાના તમામ ગામડાઓનો સમાવેશ થાય અથવા તો નવીન એમ્બ્યુલન્સ મૂકવામાં આવે તે જરૂરી છે.

જાણવા મળેલ વિગતો મુજબ ફતેપુરા તાલુકામાં ૯૬ ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે અને તમામ ગામડાઓમાં ખેડૂતો પશુપાલન પણ કરતા આવેલ છે. પશુઓમાં બીમારી કે રોગચાળા જેવા સંજોગોમાં પશુપાલકો ઘર બેઠા પોતાના પશુની સારવાર કરાવી શકે તે હેતુથી સરકાર દ્વારા બે એમ્બ્યુલન્સ પણ ફાળવવામાં આવેલ છે. જેમાં એક એમ્બ્યુલન્સ મોટી ઢઢેલી ખાતે ફાળવવામાં આવેલ છેતેમાં ૧૨ ગામડાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે પૈકી મોટી ઢઢેલી, નાની ઢઢેલી, નાના બોરીદા, મોટા બોરીદા, માનાવાળા બોરીદ્યા, ઘાણીખૂંટ, હડમત, પટીસરા, વાંસિયાકુઈ, મોટાનટવા, ડબલારા, ભીતોડી ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

જ્યારે બીજી એમ્બ્યુલન્સ ચીખલી ખાતે ફાળવવામાં આવેલ છે. તેમાં વાંકાનેર, હિંગલા, મારગાળા, ખાતરપુરના મુવાડા, પાટડીયા, જવેસી, કુંડલા, લખનપુર, ઝાબપૂર્વ, આસપુર સરસવાપૂર્વ અને ચીખલી ગામનો સમાવેશ કરવામાં આવેલ છે.આમ બે એમ્બ્યુલન્સ ૨૪ જેટલા ગામડાઓમાં પશુઓને સારવાર આપવા કોલ મળતા પહોંચી જતી હોય છે.જ્યારે તાલુકાના ૭૨ જેટલા ગામડાના પશુપાલકો આ સેવાથી વંચિત છે.અને પોતાના પશુની બીમારીમાં કોઈપણ હાલતે પશુ સારવાર કેન્દ્ર ખાતે પોતાના પશુઓને લઈને જતા હોય છે અથવા તો પશુ સારવાર કેન્દ્રમાંથી કોઈ કર્મચારીને પોતાના ઘરે બોલાવવા પડતા હોય છે.ત્યારે પશુ સારવાર માટે પશુની બીમારીના ખાસ સંજોગોમાં એમ્બ્યુલન્સમાં દરેક ગામડાનો સમાવેશ કરવામાં આવે તેવી પશુપાલકોની માંગ ઉઠવા પામેલ છે.

અહીંયા એ પણ નોંધનીય બાબત છે કે,પશુ સારવાર એમ્બ્યુલન્સમાં સમાવેશ કરવામાં આવેલ ગામડાઓ ની માહિતી માટે અમારા પ્રતિનિધિએ મોબાઈલથી પૂછપરછ કરતા ફતેપુરા તાલુકા પશુ ચિકિત્સક નુરદાસ સંગાડા દ્વારા જણાવાયું હતું કે, પશુ સારવાર એમ્બ્યુલન્સમાં કયા-કયા ગામડાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેની જાણકારી મારા પાસે નથી અને તેની માહિતી મેળવવી હોય તો અમદાવાદ ખાતે પૂછપરછ કરવી પડશે.મને આ બાબતે કોઈ જાણકારી ન હોવાનું જણાવ્યું હતું. ત્યારે પ્રશ્ન એ થાય કે, ફતેપુરા તાલુકાના પશુ ચિકિત્યાલયના જવાબદારને જો પશુ સારવાર એમ્બ્યુલન્સમાં કેટલા ગામડાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેની જાણકારી ન હોય તો ગ્રામ્ય વિસ્તારના ગરીબ અને અભણ ખેડૂત પશુપાલકોને પોતાના ગામનો સમાવેશ પશુ સારવાર એમ્બ્યુલન્સમાં કરવામાં આવ્યો છે કે કેમ?તેની જાણકારી ક્યાંથી હોય?

# આપની આજ.......

મેષ : આ દિવસે તમારું કેટલાક કામ પૂરા થઈ શકે છે જે તમે લાંબા સમયથી કરી રહ્યા હતા. જો તમે આ દિવસે ગુરુ પ્રત્યે નિષ્ઠાની ભાવના રાખશો તો તમને સંપૂર્ણ લાભ મળશે.

વૃષભ : આજે તમારા સારા કાર્યોથી તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધશે અને તમારું નામ ઊંચું રહેશે. તમને તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.

મિથુન : આજે તમે પૈસા અંગે થોડી ચિંતા કરી શકો છો. આજે તમે શારીરિક શક્તિ અને ઉત્સાહથી ભરેલા રહેશો, પરંતુ આવા બિનજરૂરી ખર્ચા સામે આવશે.

કર્ક : બાળકનો શ્રેષ્ઠ વ્યવહાર, તેમની સફળતા અને ખ્યાતિ તમને મળશે. માતા-પિતા પાસેથી આશીર્વાદ લેવાનું અને ઘરેથી બહાર નીકળવાનું કામ થશે. આજે ભૌતિક સુવિધાઓ વધશે.

સિંહ : આજે કોઈ કિંમતી વસ્તુથી લાભ થવાની સંભાવના છે અને આજે તમારું ભાગ્ય દરેક બાબતમાં તમારો સાથ આપશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકાર વધશે. શત્રુઓ તમારી હિંમત અને શકિત સામે નિષ્ફળ થઈ શકે છે.

કન્યા : જો કોઈ કેસ અથવા અન્ય કોઈ તપાસ ચાલી રહી છે તો આજે તમારો સમય અનુકૂળ નથી. આજે કોઈ પણ બાબતમાં ઝડપી નિર્ણય નહીં લેવાને કારણે કાર્યોમાં અવરોધ અને નુકસાન થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં ખૂબ કાળજી રાખવાનો છે. નુકસાન થવાની સંભાવના છે. આજે કેટલાક કિસ્સામાં તમને સરકારી નાણાંકીય દંડનો સામનો કરવો પડી શકે છે.

વૃશ્ચિક : આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.

ધનુ : આજે ગ્રહોની વિશેષ કૃપા તમારા પર રહી શકે છે. જો ઓફિસમાં તમારા પ્રમોશનની વાત કરવામાં આવી હોય તો આજે તે આગળ વધી શકે છે. આ સિવાય આજે તમે તમારી વાણી દ્વારા મોટા અધિકારીને આકર્ષિત કરી શકશો.

મકર : આજે તમે તમારા સ્વાસ્થ્યને લઈને ચિંતિત છો. પેટમાં કોઈ સમસ્યાઓ હોઈ શકે છે. જો તમારે કોઈ નાણાકીય સંસ્થા અથવા વ્યક્તિ પાસેથી લોન લેવાની ઈચ્છા હોય તો સંભવ છે કે તમને તે સરળતાથી મળી જશે.

કુંભ : જે લોકો ઉદ્યોગપતિ છે તેમના માટે આજનો દિવસ ખાસ છે. તમારા બિઝનેસમાં કેટલાક નવા અને ફાયદાકારક ફેરફારો થઈ શકે છે. જો તમારી પાસે નોકરી છે તો તમારા અધિકારો વધશે.

મીન : આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે તમારા અધિકારોમાં વધારાની સાથે તમારી જવાબદારીઓ પણ વધશે. આજે કેટલાક કામ જે ઘણા સમયથી અટકી રહ્યા છે તે પૂરા થશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ઝાલોદ તાલુકાના લીમડી મુકામે થી આરોગ્ય કર્મચારી સંઘના પ્રમુખને ડિટેન કરવામાં આવ્યા



ઝાલોદ,

દાહોદ જિલ્લા આરોગ્ય કર્મચારી મહાસંઘ અને ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા ગાંધીનગર કક્ષાએ ભૂખ હડતાલ માટેનો પ્રોગ્રામમાં આપવામાં આવ્યો હતો. તારીખ ૨૧ -૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ જે દરમિયાન દાહોદ જિલ્લા આરોગ્યકર્મચારી મહાસંઘના પ્રમુખ ડામોર વિરસીંહભાઈ ગાંધીનગર જવા પૂર્વ તૈયારીમાં હતા. તે જ રાત્રે પ્રમુખને લીમડી પોલીસ દ્વારા તેમના નિવાસ સ્થાન થી રાત્રે ૧૨ થી ૧ વાગ્યાના અરસામાં ડિટેન કરવામાં આવેલ છે. જેમાં તેમનો ગાંધીનગર લેવલનો જે ઘરણા અંગે કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. તેમાં જતાં રોકવામાં આવ્યા અને મહાસંઘ કર્મચારીઓ છેલા સાત મહિનાથી હડતાલ પર છે. સરકાર દ્વારા તેમની પડતર માંગણીઓને સ્વીકારવામાં આવેલ નથી અને તેઓની ત્રણ પડતર માંગણીઓ છે. જેમાં મુખ્ય માંગણી ૨૮૦૦ ગ્રેડ-પે અને MPHW અને FHW અને MPHS, FHS નો ૪૨૦૦ ગ્રેડ પે કરવા તથા ૧૩૦ દિવસની જાહેર રજા અને રવિવારનો પગાર તેમજ ઝીરો કિલોમીટર PTA આપવા બાબતની ત્રણ માંગણીઓ આજ દિન સુધી કોઈ નિકાલના આવતા દાહોદ જિલ્લા આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા છેલ્લા ૭ મહિના થી આંદોલનો કરવામાં આવી રહ્યા છે અને ૯૦ દિવસ થી પેન ડાઉન અને ૦૮-૦૮-૨૦૨૨ થી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યા છે. જેમાં હાલ કોઈ પણ પ્રશ્નોનો નિરાકરણ નહિ આવતા દાહોદ જીલ્લા આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ ડામોર વીરસિંહભાઈ જેઓ જિલ્લાના કર્મચારીઓ સાથે ગાંધીનગર આંદોલન માટે પૂર્વ તૈયારીઓ કરતા હતા. તેમને લીમડી પોલીસ દ્વારા આજે ડીટેન કરવામાં આવ્યા હતા. આરોગ્ય કર્મચારીઓને માહિતી મળતા સહુ જિલ્લા આરોગ્ય કર્મચારીઓ લીમડી પોલીસ મથકે આવી પહોંચ્યા હતા અને ત્યાં પ્રમુખને સમર્થન કરવાં માટે સહુ ભેગા થઈ ગયેલ હતા.

# સંજેલી તાલુકાના ડુંગરા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં લમ્પી વાયરસના કેહર થી પશુપાલકો ત્રાહિમામ



સંજેલી,

પશુપાલકો દ્વારા પોતાના પશુઓની સારવાર માટે ૧૯૬૨ તેમજ પશુ ચિકિત્સકને પણ સારવાર કરવા માટે જાણ કરવા છતાં પણ સમયસર સારવાર ના મળતી હોવાની પશુપાલકોનો આક્ષેપની સાથે સાથે રોષ પણ જોવા મળ્યો હતો.

સંજેલી તાલુકાના વિવિધ ગામોમાં લમ્પી વાયરસનું કહેર યથાવત છે. તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ પશુઓ લમ્પી વારસથી સંક્રમિત થઈ ગયા છે. ત્યારે પશુપાલકો પણ તેમના પશુઓની વહેલી તકે સારવાર કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

સંજેલી તાલુકાના ડુંગરા ગામના કમોલ ફળિયામાં રહેતા પશુપાલકો એ પોતાના પશુઓને લમ્પી વાયરસના કારણે પોતે ચિંતિત હોવાનું જણાવ્યું હતું. તેમજ પશુઓની વહેલી તકે સારવાર કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સંજેલી તાલુકાના ડુંગરા ગામના કામોલ ફળિયા સહિતના વિસ્તારોમાં લમ્પી વાયરસનો પગ પગપેસારૂં જોવા મળ્યો હતો. ત્યારે પશુ પાલકો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તેમના પશુઓને લમ્પી વાયરસ જેવા લક્ષણો જણાતા તેમને વિવિધ જગ્યાએ પોતાના પશુઓની સારવાર માટે જાણ કરી હતી છતાં કોઈએ પણ તેમના પશુઓની આવીને સારવાર કરી ન હતી. પશુ દવાખાના તેમજ ૧૯૬૨ પર પણ કોલ કરી અને લમ્પી વાયરસના પોતાના પશુઓ પીડાતા હોવાની માહિતી આપતી હતી. ત્યારે તેમને સારવાર માટેની વ્યવસ્થા પણ કરવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું હતું, પરંતુ દિવસ વિતવા છતાં પણ આ વિસ્તારમાં કોઈપણ પ્રકારની પશુ માટેની સારવાર કરવા માટે પશુ દવાખાના માટેનું વાહન તેમજ કોઈપણ જવાબદાર વ્યક્તિ આવ્યું નઈ હોવાનું સ્થાનિકો દ્વારા જણાવવામાં આવ્યું હતું. તેમજ પશુપાલકોએ જવાબદારોની આવી લાપરવાહી બાબતે પણ પોતાનો રોષ પણ ઠાલવ્યો હતો. તેમ જ પોતાના પશુઓને આ પીડાથી બીમાર હોય પીડાતા જોઈ પશુપાલકો પોતે ચિંતિત હોવાનું પણ જણાવ્યું હતું. ત્યારે વહેલી તકે સંજેલી તાલુકાના ડુંગરા સહિતના વિસ્તારોમાં પણ લમ્પી વાયરસ તે સંક્રમિત પશુઓની સારવાર ઝડપી શરૂ કરવામાં આવે તેવી પશુપાલકો દ્વારા પણ માંગ કરવામાં આવી હતી.

# ગરબાડામાં ગોપાલક માલધારી સેના અને એનિમલ ટીમ લમ્પી વાયરસને લઈ રેલી કાઢી આવેદન આપ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડામાં લમ્પી વાયરસને લઈને ગોપાલક માલધારી સેના હિન્દુ યુવા ભાઈઓ તથા ઓલ એનિમલ ટીમ દ્વારા રેલી કાઢી મામલતદારને આવેદન આપવામાં આવ્યું.

ગરબાડામાં તા.૨૧ ના માલધારી સેના તથા હિન્દુ યુવા ભાઈઓ તથા ઓલ એનિમલ ટીમ દ્વારા ગરબાડા નગરમાં રેલી કાઢી રેલી ગરબાડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જે આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી લમ્પી વાયરસ ખૂબ જ પ્રસરી રહ્યો છે. દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પણ ઘણાં વિસ્તારોમાં વાયરસના કેસો પ્રતિદિન વધતા જાય છે અને ઘણાં પશુઓના મૃત્યુ થયા છે. તે બાબતે જણાવવાનું કે, ગરબાડા તાલુકામાં વિવિધ વિસ્તારોમાં લમ્પી વાયરસની રસીના ડોઝ રોજ ઝડપથી વધારી અને રસીકરણની પ્રક્રિયામાં વધારો કરવામાં આવે અને જે પશુઓના મૃત્યુ પામ્યા છે. તેઓને સરકારના ધારા ધોરણ મુજબ સર્વે કરીને તાત્કાલિક ધોરણે સહાય પૂરી પાડવામાં આવે તે બાબતે ગરબાડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમજ તાલુકાના વિવિધગામડાઓમાં ગૌચર જમીન પર મોટા પ્રમાણમાં દબાણ છે. તે ગૌચરની જમીન પરના દબાણ દૂર કરવા અને ગૌચરની જમીન પશુઓ માટે ખુલ્લી કરવા જરૂરી કાર્યવાહી કરવા પણ વિનંતી કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લા ન્યાયાલય દ્વારા છ દિવસીય "આયુષ્યમાન ભારત કાર્ડ" કેમ્પ યોજાશે

દાહોદ,

દાહોદ જિલ્લા ન્યાયાલય ખાતે જીલ્લા કક્ષાએ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને તાલુકા કક્ષાએ તાલુકા કાનૂની સેવા સમિતી ખાતે "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન ભારત કાર્ડ" કાઢી આપવામાં આવશે.

જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલાય, દાહોદ દ્વારા તા. ૨૬/૦૯/૨૦૨૨ થી ૧/૧૦/૨૦૨૨ દરમ્યાનના કેમ્પમાં જીલ્લા ન્યાયાલય, દાહોદના મીડીએશન સેન્ટર ખાતે 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન ભારત કાર્ડ કઢાવવા માંગતા હોય તેવા લાભાર્થીઓએ જરૂરી દસ્તાવેજો જેવા કે, રેશન કાર્ડ, આધાર કાર્ડ, આવકનું પ્રમાણપત્ર (રૂા.૪ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા તેવા કુટુંબોએ કુટુંબના મુખ્ય વ્યકિતનો આવકનો દાખલો) તથા ૬૦ વર્ષના સીનીયર સીટીઝન માટે આવક મર્યાદા રૂા. ૬ લાખ રહેશે. જેમા આવકનો દાખલો તલાટી કમ મંત્રી, તાલુકા વિકાસ અધિકારી તથા મામલતદાનો હોવો જોઈએ.

જરૂરી ડોકયુમેન્ટ સાથે મડીએશન સેન્ટર, જીલ્લા અદાલત, છાપરી, દાહોદ ખાતે રૂબરૂમાં ફોર્મ ભરી તા.૨૬/૦૯/૨૦૨૨ થી ૦૧/૧૦/૨૦૨૨ સુધી ઓફિસ સમય દરમ્યાન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન ભારત કાર્ડ નોંધણીની કામગીરી હાથ ધરવામા આવશે. વધુમાં વધુ લોકો આ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, છાપરી, દાહોદ દ્વારા જણાવવામાં આવે છે.

# દાહોદ માલધારી સમાજે ઢોર નિયંત્રણ કાયદાના વિરોધમાં દુધ વિતરણ બંધ કરી વિરોધ કર્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના માલધારી સમાજ દ્વારા વિરોધ ગુજરાતમાં ઢોર નિયત્રંણ કાયદાના વિરોધ તા ૨૧.૯.૦૨૨ ના રોજ દાહોદ જિલ્લામાં દૂધની આવક સહિત દૂધનો વિતરણ માલધારી સમાજ દ્વારા બંધ કરવામાં આવ્યું હતું.

છેલ્લા ઘણાં સમયથી ગુજરાતમાં માલધારી સમાજ પર સરકાર દ્વારા જે અત્યાચારો કરવાના આક્ષેપો માલધારી દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેને લઈ ગુજરાત રાજ્યના તમામ માલધારી સમાજ દ્વારા તારીખ ૨૧. ૯. ૨૨ બુધવારના રોજ઼ દૂધની આવક દૂધનો વિતરણ સહિત દૂધની ડેરી ઉપર વેચાતું દૂધનું વેચાણ બંધ રાખવામાં આવ્યું છે. જેની દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ માલધારીઓએ એક દિવસીય બંધ પાણી વિરોધ નોંધાંવ્યો હતો. સમગ્ર ગુજરાતમાં માલધારીઓ દ્વારા વિરોધ નોંધાંવવામાં આવી રહ્યો છે. બંધ પાણી વિરોધ નોંધાંવી રહ્યાં છે. દાહોદ જિલ્લામાં આ વિરોધને પગલે ગૃહીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વહેલી સવારે દુધની ડેરીઓ ઉપર દુધ લેવા ભારે ભીડ જોવા મળી હતી. આગામી દિવસોમાં આ વિરોધ કેવા પ્રકારનું રૂપ ધારણ કરશે તે જોવાનું રહ્યું.

# ભારતીય પત્રકાર સંઘ (AIJ) દ્વારા દાહોદ શહેરના શ્રેષ્ઠ ગણેશ મંડળોનું દાહોદ મામલતદારના અધ્યક્ષ સ્થાને સન્માન કરવામાં આવ્યું



દાહોદ,

કોરોનાકાળના બે વર્ષ બાદ ઉત્સાહભેર દાહોદ શહેરમાં ગણેશ મહોત્સવની ઉજવણી થઈ હતી. ત્યારે શહેરના અનેક ગણેશ મંડળોએ આકર્ષક ડેકોરેશન અને અલગ અલગ ઝાંખીઓ સાથે ગણેશ સ્થાપના કરી હતી. ત્યારે સૌથી સારી પ્રતિમા, સ્વચ્છતા, ડેકોરશન સહિતના આયોજનને ધ્યાનમાં રાખી ગણેશ મંડળોના ઉત્સાહમાં વધારો કરવા અને તેમને પ્રોત્સાહિત કરવા માટે ભારતીય પત્રકાર સંઘ (AIJ ) દ્વારા શ્રેષ્ઠ ગણેશ મંડળોનું સન્માન કર્યું હતું. દાહોદના મામલતદારના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય પત્રકાર સંઘના પ્રદેશના હોદ્દેદારો તેમજ દાહોદ જિલ્લા કારોબારીના સભ્યો હાજર રહ્યા હતા. શહેરના ગણેશ મંડળો પૈકી પ્રથમ નંબર સિદ્દ્યી વિનાયક ગણેશ મંડળ, ચાર થાંભલા બીજો નંબર માળી સમાજ યુવક મંડળ અને ત્રીજા નંબરે નાના ડબગરવાડ મિત્ર મંડળનો આવ્યો હતો. ત્રણેય મંડળોને ટ્રોફી આપી સન્માનીત કરાયા હતા. તે સિવાયના અન્ય ચાર મંડળોને સન્માનપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ઝાલોદ તાલુકાના લીમડી મુકામે માલધારીઓના સમર્થનમાં લીમડી બંધ રાખવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ગુજરાત માલધારી સમાજ દ્વારા ગુજરાત બંધનું એલાન કરવામાં આવ્યું હતું. જેમાં આજે લીમડી નગરનાં વેપારીઓ તેમના સાથેજોડાયા અને પોતાની દુકાનો બંધ રાખી હતી. ત્યાર બાદ માલધારી સમાજ દ્વારા લીમડી નગરમાં ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યો હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. વિવિધ સંગઠનો વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, ગૌરક્ષા દળ સહિત નગરના તમામ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ઢોર નિયંત્રણ કાયદાના વિરૂદ્ધમાં માલધારી સમાજ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરાયું હતું. માલધારી સમાજ દ્વારા કાયદો રદ કરવા માટે માંગ ઉઠી છે. જો કાયદો રદ નહિ થાય તો આવનાર સમયમાં ગુજરાત માલધારી સમાજ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી હતી.

# ઝાલોદ ડીવીઝન પોલીસ પરિવાર દ્વારા એ.એસ.પી ગુજ્જરનો બઢતી સાથેનો વિદાય સમારંભ યોજાયો



ઝાલોદ,

ઝાલોદ ડિવિઝનના પોલિસ પરિવાર દ્વારા એ.એસ.પી વિજયસિંહ ગુજ્જરનું પ્રમોસન થતાં તેમનો વિદાય સમારંભ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે રાખવામાં આવ્યો હતો. તેમના બઢતી સાથેના વિદાય સમારંભમાં ઝાલોદ નગરના નાગરિકો, પોલિસ પરિવારના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. એ.એસ.પી ગુજ્જર પોલિસ પરિવાર દ્વારા સજાવેલ જીપમાં પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે આવ્યા હતા ત્યાં તેમનું સ્વાગત દેશ ભકિતના ગાન સાથે કરવામાં આવ્યું હતું. તેમના વિદાય સમારંભમાં દરેક પોલિસ પરિવારના લોકો દ્વારા શાલ ઓઢાવી, ભોયરૂ પહરાવી, આદિવાસી સંસ્કૃતિની છબી આપી, તીર કામઠા આપી કરવામાં આવ્યું હતું. પોલીસ પરિવાર બાદ તેમનું સન્માન ઉપસ્થિત પત્રકાર મિત્રો, ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઉપસ્થિત પોલીસ મિત્રો દ્વારા એ.એસ.પી વિજયસિંહ ગુજ્જરના સાથે કરેલ કામગીરીના વખાણ કર્યા હતા. પોલીસ પરિવારના સહુ લોકો એક વાત કહેતા કે ગુજ્જર સદા પોલીસ મિત્રો સાથે ઑફીસર તરીકે નહીં પણ પરિવારના સદસ્યની જેમ રહેતા, તેમજ કોઈ પણ સારી કામગીરી માટે તેઓ સદા તત્પર રહેતા હતા. ગુજ્જર દ્વારા ખુબજ ટૂંકા સમયમાં ગ્રામજનોનો પણ વિશ્વાસ જીત્યો હતો. વિજયસિંહ ગુજ્જર ઝાલોદમાં કાર્યકાળ પૂરો થતાં ગદગદ થઈ ગયા હતા અને સહુ પોલીસ મિત્રો અને ગ્રામજનોને એમ કહ્યું કે, સદા પોતાના કામ સાથે વફાદારી સાથે આગળ વધજો તેમજ કોઈ પણ સારા કામ માટે માર્ગદર્શન લેવું હોય તો તેઓ સદા તેનાં માટે તૈયાર રહેશે. ગોહિલ દ્વારા સમગ્ર સ્ટેજ પ્રોગ્રામનું સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું. છેલ્લે પોલીસ પરિવાર દ્વારા પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે ફૂલો ઉછાળી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રભુતા પાર્ટી પ્લોટથી એ.એસ.પી વિજયસિંહ ગુજ્જરને ઘોડા પર બેસાડી પોલીસ સ્ટેશન પર ફટાકડાની આતશબાજી સાથે લઈ જવામાં આવ્યા હતા. છેલ્લે પોલીસ સ્ટેશન ખાતે એ.એસ.પી ગુજ્જર દ્વારા સહુના મળેલ પ્રેમ પ્રત્યે આભાર માનવામાં આવ્યો હતો અને ત્યાર બાદ ઉપસ્થિત સહુ લોકો માટે પોલીસ પરિવાર દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં પ્રાંત અધિકારી, મામલતદાર, સી.પી.આઇ, આજુ બાજુના વિસ્તારના પી.એસ.આઇ તેમજ તેમના પોલીસ પરિવારના સમગ્ર લોકો હાજર રહ્યા હતા.



ગરબાડા તાલુકાના નઢેલાવ ગામે ખેતરમાં મકાઈના ડોડા લેવા ગયેલા ૨૩ વર્ષીય યુવક પર આકાશી વીજળી પડતા મોત નીપજ્યું હતું સરકાર દ્વારા મૃતક યુવાનના પરિવારજનોને રૂપિયા ચાર લાખની સહાયનો ચેક આપવામાં આવ્યો. ગત તારીખ- ૪ ના ગરબાડા તાલુકાના નઢેલાવ ગામના બારાના કુવા ફળીયાના રહેવાસી નરેશભાઈ રમેશભાઈ ભાભોર સવારના ૮:૩૦ થી ૯:૦૦ વાગ્યાના અરસામાં ખેતરમાં મકાઈના ડોડા લેવા ગયા હતા. તે સમયે તેમના પર એકાએક આકાશી વીજળી પડતા તેઓનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાના જેસાવાડાની યશવાટિકા વિદ્યામંદિર શાળામાં આદિવાસી વિદ્યાર્થી ભાઈ-બહેનોના સારા આરોગ્ય માટે આયુષ્માન કાર્ડના કાર્યક્રમનો શુભારંભ કરાવતા જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર પટેલ.

# મતદાર જાગૃત્તિ અભિયાન અંતર્ગત EVM/VVPAT મશીનનું ડેમોસ્ટ્રેશન નિદર્શન


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા ચુંટણી અધિકારી હર્ષિત ગોસાવીના માર્ગદર્શન હેઠળ જીલ્લા સેવા સદન ખાતે મતદાર જાગૃત્તિ અભિયાન હેઠળ ઈવીએમ/વીવીપેટ મશીનનું ડેમોસ્ટ્રેશન નિદર્શન રાખવામાં આવેલ છે. જે મતદાતા ઓ પહેલીવાર મતદાન કરતા હોય, કોઈપણને નાગરીકને ઈવીએમ/વીવીપેટ મશીન અંગે કોઈપણ મુંઝવણ હોય તો તેમને જણકારી આપવામાં આવે છે. જેનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૩૦ વગ્યા સુધી રાખવામાં આવેલ છે. જિલ્લામાં હાલ કુલ ૯ જગ્યા એ ઈવીએમ/વીવીપેટ મશીન, ૮ ફરતી મોબાઈલ વાન, એમ કુલ ૧૭ જગ્યા એ મતદાન જાગૃત્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

# સીંગવડના ચાચકપુર ગામે જમીન ઝગડામાં બે પક્ષો વચ્ચે મારામારી થતાં ચારને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના ચાચકપુર ગામે જમીન સંબંધી મામલે બે પક્ષો વચ્ચે મારક હથિયારો વડે મારામારી થતાં ચાર જણાને શરીરે ઈજાઓ પહોંચતાં સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાંયાંનું જાણવા મળે છે. ચાચકપુર ગામે નીસરતા ફળિયામાં રહેતાં સુરેશભાઈ સરતનભાઈ નીસરતાએ નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગત તા.૧૦મી સપ્ટેમ્બરના રોજ ગામમાં રહેતાં બીજલભાઈ વજાભાઈ નીસરતા, જીતેન્દ્રભાઈ વીજલભાઈ નીસરતા, સુરેશભાઈ બીજલભાઈ નીસરતાસ જયેશભાઈ બીજલભાઈ નીસરતા, કાળીબેન બીજલભાઈ નીસરતા અને શીતલબેન જયેશભાઈ નીસરતાનાઓએ એકસંપ થઈ ગેરકાયદેમંડળી બનાવી પોતાની સાથે તલવાર જેવા મારક હથિયારો ધારણ કરી સુરેશભાઈનાઓ પાસે આવ્યાં હતાં અને બેફામ કહેવા લાગેલ કે, આ સરકારી જમીન તમારી નથી, અમારી છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ તલવારનો ઘા સુરેશભાઈને પગના ભાગે મારી ઈજા પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી. જ્યારે સામાપક્ષેથી ચાચકપુર ગામે નીસરતા ફળિયામાં રહેતાં જયેશભાઈ બીજલભાઈ નીસરતાએ નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગત તા.૧૦મી સપ્ટેમ્બરના રોજ પોતાના ગામમાં રહેતાં સુરેશભાઈ સરતનભાઈ નીસરતા, પરેશભાઈ સરતનભાઈ નીસરતા, પંકજભાઈ સરતનભાઈ નીસરતા, જીજ્ઞેશભાઈ સરતનભાઈ નીસરતા, સંતોષબેન સુરેશભાઈ નીસરતા અને અંજનાબેન પરેશભાઈ નીસરતાનાઓએ પોતાના હાથમાં છુટ્ટા પથ્થરો અને મારક હથિયારો ધારણ કરી જયેશભાઈના ઘર તરફ આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ જમીન તમારી નહીં અમારી છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલી સુરેશભાઈ, જીતેન્દ્રભાઈ અને બીજલભાઈને છુટ્ટા પથ્થરો મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવ્યું હતું. આ સંબંધે બંન્ને પક્ષો દ્વારા સામસામે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે સામસામે ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.28

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના હમીરપુર ગામના ડે.સરપંચને

# ત્રણ સંતાનો હોવા છતાં ખોટુ સોગંદનામું કરી ફોજદારી ગુનો કરતાં પદ ઉપર બરતરફ કરવામાં આવે તેવી પુરાવા સાથે લેખિત રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકાના હમીરપુર ગામના ડે.સરપંચ ત્રણ બાળકો હોવા છતાં ખોટા સોગંદનામું કરીને ચુંટણી જીત્યા હતા અને ખોટું સોગંદનામું કરવા ફોજદારી કાર્યવાહી કરવામાં આવે તેમજ ડે.સરપંચ પદ ઉપર બરતરફ કવામાં આવે તેવી માંગ સાથે ગોધરા તાલુકા વિકાસ અધિકારીને અરજદાર દ્વારા લેખિત રજુઆત કરવામાં આવી.

ગોધરા તાલુકાના હમીરપુર ગ્રામ પંચાયતમાં ૨૦૨૧માં ચુંટણી યોજાઈ હતી. સરકારશ્રીના નિયમો મુજબ ૨૦૦૫ બાદ ત્રીજા અથવા તેથી વધુ સંતાનોનો જન્મ થાય તેવી વ્યકિત ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે નહિ તેમ છતાં હમીરપુર ગ્રામ પંચાયતની ચુંટણીમાં દિલીપભાઈ સરતાનભાઈ સોલંકીએ ઉમેદવારી નોંધાવેલ હતી. દિલીપભાઈ સોલંકીને ત્રણ સંતાનો હોવા છતાં ચુંટણી ફોર્મ ભરવા માટે બે સંતાન હોવાનું ખોટું સોગંદનામું કર્યું હતું. પંચાયતમાં ઉમેદવારી નોંધાવનાર દિલીપભાઈ સોલંકીના પત્ની (ના.મામલતદાર) તરીકે ફરજ બજાવતા હોય અને ચુંટણીલક્ષી કામગીરી સાથે જોડાયેલ હોવાથી ચુંટણીના ઉમેદવારી ફોર્મ ભરવા માટેના નિયમો થી જાણકારી ધરાવતા હોય તેમ છતાં દિલીપભાઈ સરતાનભાઈ સોલંકીએ ત્રણ સંતાનો હોવા છતાં બે બાળકો હોવાનું ખોટું સોગંદનામું બતાવી સાચા તરીકે ઉપયોગ કરી ચુંટણીમાં જીત્યા બાદ ડે.સરપંચ મેળવ્યું હતું. ડે.સરપંચ બનેલ દિલીપભાઈ સોલંકી દ્વારા સરકારી ગ્રાન્ટમાં

## હમીરપુર ડે.સરપંચ દ્વારા સરકારી ગ્રાન્ટમાં મોટાપાયે ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ સાથે તપાસની માંગ કરાઈ

મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. ત્યારે હમીરપુર ગ્રામ પંચાયતમાં થયેલા વિકાસના કામોની તપાસ યોગ્ય રીતે કરવામાં આવે તેમજ ડે.સરપંચ દિલીપભાઈ સોલંકી દ્વારા ચુંટણી ફોર્મ ભરતી વખતે બે સંતાનો હોવાનું ખોટું સોગંદનામું કરવામાં આવ્યું તેથી વધુ તેમના પત્ની (ના.મામલતદાર) તરીકે ફરજ બજાવતા હોય તેમને ચુંટણી નિયમોથી વાકેફ હોવા છતાં તેમના પતિ દ્વારા ખોટું સોગંદનામું રજુ કરી ફોરદારી ગુનો આચરેલ છે. તેની સામે યોગ્ય તપાસ કરવામાં આવે તેમજ દિલીપભાઈ સોલંકીને ડે.સરપંચ પદ માટે ગેરલાયક ઠેરવી પદ ઉપર થી બરતરફ કરવામાં આવે તેવી માંગ સાથે અરજદાર અહેમદ રમજાની મો.યુસુફ દુરવેશ દ્વારા ગોધરા તાલુકા વિકાસ અધિકારીને લેખિત પુરાવા સાથે રજુઆત કરવામાં આવી છે.

# ગોધરા જાફરાબાદ પંચાયત વિસ્તારમાં મકાન બાંધકામ કર્તાએ પાણીના નિકાલની કોતરનું પુરણ કરી બનાવેલ RCC રસ્તાનું દુર કરવા પંચાયત વહીવટદારે નોટીસ આપી



ગોધરા,

ગોધરા જાફરાબાદ ગ્રામ પંચાયત વિસ્તારમાં સર્વે નં.૧૮૧+૧૮૩+૧૮૬/૨+૧૮૨ પૈકી ૪૭ના પ્લોટ નં.૧૭૬ માં મકાનમાં બાંધકામ કર્તા દ્વારા પ્લોટની બાજુ માંથી વરસાદી પાણીના નિકાલ માટેના કોતરમાં ગેરકાયદેસર પુરણ કરી આર.સી.સી. બનાવી દેવામાં આવ્યો હોય તે બાબતે જાફરાબાદ પંચાયતના વહીવટદાર દ્વારા નોટીસ આપી પાણીના નિકાલની જગ્યા ખુલ્લી કરવા સુચન કરવામાં આવ્યું.

ગોધરા શહેરને અડીને આવેલ જાફરાબાદ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ સર્વે નં.૧૮૧+૧૮૩+૧૮૬/૨+૧૮૨ પૈકી ૪૭ ના પ્લોટ નં.૧૭૬માં અમીન પંકજભાઈ ભુપેન્દ્રભાઈ દ્વારા મકાનનું બાંધકામ કરવામાં આવેલ છે. તે પ્લોટની બાજુમાં આખા વિસ્તારના વરસાદી પાણીના નિકાલ માટે કોતર / કેનાલ આવેલ હતી. આ કોતરને મકાન બાંધકામકર્તા દ્વારા ગેરકાયદેસર રીતે પુરણ કરવામાં આવ્યું હતું અને કોતરમાં પુરણ કરીને આર.સી.સી. રસ્તાનું બાંધકામ કરવામાં આવેલ છે. પાણી નિકાલના કોતરની જગ્યા ઉપર પુરણ કરીને આર.સી.સી. રસ્તો બનાવી દેવામાં આવતાં પાણીના નિકાલનો અવરોધ ઉભો થયેલ હોય આમ, પાણીના નિકાલના કોતર ઉપર પાકો રસ્તો બાંધી દેવામાં આવતાં સ્થાનિકો દ્વારા જાફરાબાદ ગ્રામ પંચાયતમાં ગેરકાયદેસર રીતે પાણીના નિકાલવાળા કોતરને બંધ કરી દેવામાં આવ્યું હોવાની રજુઆત કરવામાં આવી હતી. મકાન બાંધકામકર્તા દ્વારા કોતરમાં પુરણ કરી આર.સી.સી. રસ્તો બનાવી દેવાના કિસ્સામાં જાફરાબાદ પંચાયતના વહિવટદાર દ્વારા અમીન પંજકભાઈ ભુપેન્દ્રભાઈને નોટીસ આપી કોતર ઉપર બનાવવામાં આવેલ આર.સી.સી. રસ્તાના બાંધકામને તાત્કાલીક અસર થી દુર કરવા અને કોતરની જગ્યા ખુલ્લી કરવા નોટીસ આપવામાં આવી. ૭ દિવસમાં લેખિત ખુલાસો રજુ કરવા તેમજ આમ, કરવામાં ચુક કરતાં કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવું નોટીસ દ્વારા જણાવવામાં આવ્યું છે. જયારે હવે જોવાનું રહેશે કે અમીન પંકજભાઈ ભુપેન્દ્રભાઈ દ્વારા પાણીના નિકાલના કોતર ઉપર બનાવેલ આર.સી.સી. રસ્તાને દુર કરશે ખરા ? તે જોવું રહ્યું.

# પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસ પાર્ટી માંથી ૫૬ જેટલા ઉમેદવારો ટીકીટની દાવેદારી



ગોધરા,

ગુજરાત રાજય વિધાનસભાની ચુંટણી નજીક આવતાં રાજકીય પક્ષો દ્વાર ચુંટણીલક્ષી તૈયારીઓ શરૂ કરી છે. ત્યારે રાજકીય પાર્ટીઓ માંથી ચુંટણી લડવા ઉચ્છુક ઉમેદવારો દ્વારા લોબીંગ શરૂ કરવામાં આવ્યું છે. પંચમહાલ જીલ્લામાં રાજકીય પાર્ટીઓમાં ચુંટણી પાંચ વિધાનસભા બેઠક માટે લડવા ઉચ્છુક ઉમેદવારો રાફડો ફાટશે. જીલ્લાના કોંગ્રેસ માંથી વિધાનસભા ચુંટણી લડવા ૫૬ જેટલા દાવેદારો મેદાને ઉતર્યા છે.

પંચમહાલ જીલ્લાના તાલુકાઓમા પાંચ વિધાનસભા બેઠકો માટે વિધાનસભા ચુંટણીના ૧ વર્ષ અગાઉ થી તમામ તાલુકાઓમાં અને શહેરોમાં કોંગ્રેસના સંગઠન, ચુંટણીલક્ષી અને બુથ મેનેજમેન્ટની કામગીરી કરવામાં આવી છે અને કોંગ્રેસ પાર્ટી દ્વારા વિધાનસભા ચુંટણી બુથ એજન્ટ માટે તાલીમ આપવાનું આયોજન કરાયું છે. પંચમહાલ જીલ્લાની ૭ વિધાનસભા બેઠકો માટે અનેક દાવેદારો વિધાનસભા ટીકીટ માટે મીટ માંડી રહ્યા છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા જીલ્લાની સાત બેઠકો માટે મહત્વકાંક્ષી ઉમેદવારોને સાંભળવા આવ્યા છે. જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે કોંગ્રેસ પાર્ટી માંથી ૫૬ જેટલા ઉમેદવારોએ દાવેદારી કરી છે. પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક માટેના દાવેદાર ઉમેદવારોના બાયોડેટા ગુજરાત કોંગ્રેસ કમીટીને મોકલી આપવામાં આવ્યો છે અને આગામી ટુંક સમયમાં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે. જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક મુજબ ઉમેદવારોની દાવેદારી જોવા જોઈએ તો શહેરા બેઠક માટે ૧૦ ઉમેદવાર, ગોધરા બેઠક માટે ૧૫ ઉમેદવારો, મોરવા(હ) બેઠક માટે ૪ ઉમેદવાર, કાલોલ બેઠક માટે ૧૫ ઉમેદવાર અને હાલોલ માટે ૧૨ જેટલા ઉમેદવારો મળી કુલ ૫૬ જેટલા ઉમેદવારોએ દાવેદારી કરી છે. ત્યારે જોવાનું રહ્યું કે, વિધાનસભા મત વિસ્તારમાં કયા ઉમેદવાર જીતી શકે છે. મતદારોનો જોક કયા ઉમેદવાર તરફ રહે છે. તે તમામ બાબતોને ધ્યાનમાં રાખીને કયા ઉમેદવારને ટીકીટ કોંગ્રેસ પાર્ટી દ્વારા આપવામાં આવે છે તે જોવું રહ્યું.

**: શહેરા વિધાનસભા :**

પગી રંગીતસિંહ પ્રભાતસિંહ
સોલંકી જસવંતસિંહ બલવંતસિંહ
ચૌહાણ પર્વતસિંહ કોદરસિંહ
પરમાર નટવરસિંહ દલાભાઈ
બારીયા ભારતસિંહ અભેસિંહ
પટેલ આરતસિંહ પુનાભાઈ
શેખ અજીતભાઈ અજીમભાઈ
વલી મોહમ્મદસાજીદ અબ્દુલગની
પરમાર રંગીતસિંહ પર્વતસિંહ

**: ગોધરા વિધાનસભા :**

ભાટી અજીતસિંહ સાહેબસિંહ
મલેક મોહમ્મદરફીક અબ્દુલહમીદ
ચૌહાણ રશ્મિતાબેન દુષ્યંતસિંહ
ચૌહાણ દુષ્યંતસિંહ નટવરસિંહ
પટેલ દક્ષેશ હસમુખભાઈ
શેખ આબિદહસન અબ્દુલકરીમ
શેખ નશિમબાનુ આબિદ હસન
પટેલ ગણપતસિંહ વજેસિંહ
હડીયેલ રાજેશભાઈ અમૃતલાલ
અંધી અનસ ફારૂક
પટેલ માનસિંહ નાનુંસિંહ
પટેલ રાજેન્દ્રસિંહ બલવંતસિંહ
મીખીલ જોસેફ
ઉસ્માનગની અબ્દુલ રહીમ બેલી
ચૌહાણ કમલેશભાઈ રયજીભાઈ
રાહુલજી યશવર્ધનસિંહ કિશન

**: હાલોલ વિધાનસભા :**

બારીયા અનીશ ગોરધનભાઈ
પરમાર ચેતનસિંહ લક્ષ્મણસિંહ
પરમાર ગજેન્દ્રસિંહ રાયસિંહ
રાણા કિરીટસિંહ નરેન્દ્ર સિંહ
પટેલ નરેન્દ્રસિંહ મંગલસિંહ
ચૌહાણ ગુરૂરાજસિંહ અશ્વિનકુમાર
રાઠવા મહેશ રતિલાલ
બારીયા સુનિતાબેન ગુલાબસિંહ
બારીયા રમણભાઈ દેશાઈભાઈ
બારીયા ગુલાબભાઈ વેચાતભાઈ
ચૌહાણ હિતેન્દ્રસિંહ અશ્વિનસિંહ

**: મોરવા(હ) વિધાનસભા :**

સ્નેહલતાબેન ગોવિંદભાઈ ખાંટ
ગાયત્રીબેન ભૂપતસિંહ બામણીયા
ડામોર સંકેતકુમાર ગંભીરસિંહ
ડામોર ચંદુભાઈ તીતાભાઈ

**: કાલોલ વિધાનસભા :**

પ્રઘયુમનસિંહ વિજયસિંહ
ચૌહાણ નટવરસિંહ ખુમાનસિંહ
પરમાર ભાવ સિંહ સામંતસિંહ
જાદવ રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ
પરમાર ચેતનસિંહ લક્ષ્મણસિંહ
પરમાર નરવતસિંહ ખોડસિંહ
ખેર ભૂપેન્દ્રસિંહ જશવંતસિંહ
પરમાર કોયાભાઈ લાલાભાઈ
રાઠોડ નસીબદાર બલવંતસિંહ
ઠાકોર ગજેન્દ્રસિંહ દલપતસિંહ
પટેલ નીરવકુમાર ગૌતમભાઈ
ઉપાધ્યાય અશોકકુમાર અમૃતલાલ
રાઠોડ વિપુલકુમાર લક્ષ્મણસિંહ
દવે રાજેન્દ્રકુમાર ડાહ્યાભાઈ
સોલંકી સુરજસિંહ છત્રસિંહ

# ઘોઘંબા તાલુકાની ખરખડી ગામેથી ૭ લાખનો ઈંગ્લીશ દારૂ રાજગઢ પોલીસે ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ખરખડી ગામે રહેતા ઈસમ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને વેચાણ કરતા હોય તેવી ચોકકસ બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ઈંગ્લીશ દારૂ અને બીયર કિંમત ૭,૦૮,૦૦૦/-રૂપીયા તથા મોબાઈલ ફોન-૩ સહિતનો ૭,૨૩,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ખરખડી ગામે રહેતા વિનોદભાઈ રતનાભાઈ રાઠવા પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને વેચાણ કરે છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસ દ્વારા વિનોદ રાઠવાના ઘરે રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન બુટલેગર મળી આવ્યો ન હતો. તપાસ દરમિયાન ઈંગ્લીશ દારૂ રોયલ ડીલકસ વ્હિસ્કી પેટી નંગ-૯૫, માઉન્ટસ ૬૦૦૦ સ્ટ્રોંગ બીયર ટીન પેટી નંગ-૩૨, કિંગફિશર સ્ટ્રોંગ બીયર ટીમ પેટી નંગ-૧૨૦, મેકડોવેલ રીઝર્વ વ્હિસ્કી પેટી નંગ-૭, મેકડોવલ્સ વન રીઝર્વ વ્હિસ્કી કાચની પેટી નંગ-૧૦ મળી કિંમત ૭,૦૮,૦૦૦/-રૂપીયા તેમજ મોબાઈલ ફોન નંગ-૩ મળી કુલ ૭,૨૩,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી બુટલેગરને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# ગોધરા શેઠ પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે મહિલા પોલીસ અને સાયબર ક્રાઈમ દ્વારા સાયબર સેફ ગર્લ્સનું આયોજન કરાયું




ગોધરા,

ભારત વિકાસ પરિષદ તેમજ હિન્દુ જાગરણ મંચ દ્વારા પંચમહાલ પોલીસના મહિલા પોલીસ સ્ટેશન તેમજ સાઈબર ક્રાઈમ બ્રાંચ, ગોધરાના સહયોગથી આજની યુવા પેઢીને ઈન્ટરનેટ અને તેને લગતા ઉપકરણોના અયોગ્ય ઉપયોગના કારણે સમાજ જીવન ઉપર પડતી વિપરીત અસરથી કેવી રીતે બચી શકાય તે માટેની જાગૃતિ અર્થે શેઠ પી. ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ગોધરામાં બહેનો માટે Cyber Safe Girl નામના કાર્યક્રમનું આયોજન કરેલ. સૌ પ્રથમ કોલેજના આચાર્ય ડો. એમ.બી.પટેલ દ્વારા ઉપસ્થિત સૌનું શબ્દ સુમનથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ભારત વિકાસ પરિષદ, ગોધરાના પ્રમુખ અરવિંદસિંહ સિસોદિયાએ સંસ્થાકીય માહિતી આપી અને જણાવ્યું કે, સંસ્થા સંસ્કાર અને સેવા એમ બે પ્રકારે સતત સક્રિય રહીને કામ કરી રહેલ છે. ત્યારબાદ ભા.વિ.પ. દ્વારા ઉપસ્થિતોને ભારત માતાની પ્રતિમા આપવામાં આવેલ. આ કાર્યક્રમના આયોજનમાં હિન્દુ જાગરણ મંચ માંથી મુકેશભાઈ વસાણી અને કમલભાઈ જૈન ઉપસ્થિત રહી પોતાનું યોગદાન આપેલ. આ ઉપરાંત સાયબર અને અન્ય વિષયના તજજ્ઞ તરીકે મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શીતલબહેન બુટીયા અને સાયબર ક્રાઈમ બ્રાંચના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ગોસાઈ ઉપસ્થિત રહી બહેનોને ખૂબ જ ઉપયોગી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ભારત વિકાસ પરિષદમાંથી કાલિન્દીબહેન વેદાન્તી, શ્રેયાબહેન જાદવ, દેવલભાઈ શાહ, મૌલીકભાઈ બાંડીબારવાલા અને જયંતભાઈ જાદવ ઉપસ્થિત રહ્યા હતા.

# ઘોઘંબા તાલુકા પ્રાથમિક શાળામાં તીથી ભોજન કાર્યક્રમ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા મથકે આવેલી તાલુકા પ્રાથમિક શાળાના ૪૫૦ અને વીર બાઈ કન્યા છાત્રાલયના ૩૦ વિદ્યાર્થીઓ, આંગણવાડીના નાના બાળકો કુલ મળીને ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને આજરોજ મૈત્રી મંડળ ટ્રસ્ટ આણંદ, વડોદરા અને મુંબઈના સહયોગથી તિથિ ભોજન આપવામાં આવ્યું.

તમામ લાભાર્થી બાળકોને લાડુ, દાળ, ભાત, પુરી, શાક અને પાપડી જેવો પોષણક્ષમ પૌષ્ટિક ખોરાક આપવામાં આવ્યો.

દુધાપુરા પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશભાઈ પટેલ દ્વારા સમગ્ર બાળકો માટે તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં શાળાના શિક્ષક ભાઈ-બહેનો દ્વારા સુંદર આયોજન કરી તીથી ભોજન ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

શાળાના આચાર્ય પિયુષભાઈ પટેલ દ્વારા મૈત્રી મંડળ ટ્રસ્ટનો અને દાતાઓનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાની સાંપા પ્રાથમિક શાળામાં ૩૬મી નેશનલ અવેરનેસ કેમ્પઈન અંતર્ગત સાંપા મુકામે યોજવામાં આવી.

# પંચમહાલ જિલ્લાના ખેડુતો માટે કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજના અંતર્ગત વિવિધ સહાય માટે અરજીઓ મંગાવામાં આવી

ગોધરા,

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે બાગાયત ખાતાની કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજના (એચ.આર.ટી.-૨,૩,૪) ઘટકમાં ઓનલાઈન અરજી કરવા માટે આઈ-ખેડુત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in) તા.૦૪/૦૮/૨૦૨૨ થી ૦૩/૦૯/૨૦૨૨ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ વ્યકતિગત ખેડુત તથા ખેતી લાયક જમીન ધારણ કરેલ રજીસ્ટર્ડ ટ્રસ્ટ માટે ઓછામાં ઓછા ૨.૦૦હે. તથા મહત્તમ ૪.૦૦ હેકટરની મર્યાદામાં તેમજ FPO, FPC, સહકારી મંડળીના સભાસદોના કિસ્સામાં ઓછામાં ઓછા ૨.૦૦ હે તથા મહત્તમ ૫૦.૦૦ હે. સુધીના વાવેતર માટે સહાય આપવામાં આવશે. તેમજ બહુવર્ષાયુ ફળઝાડના વાવેતર ઘટક સાથે પિયતના સાધનો, બાગાયત યાંત્રીકરણ, બાગાયતી માળખાકીય સુવિધાઓ, વર્મી કંમ્પોસ્ટ યુનિટ, GAP CERTIFICATION, પ્લાસ્ટીક આવરણ પૈકીના ઓછામાં ઓછા અન્ય બે ઘટકોનો પ્રોજેકટમાં સમાવેશ કરી અમલ કરવાનો રહેશે. તથા FPO, FPC તથા સહકારી મંડળીના સભાસદો આ કાર્યક્રમ હેઠળ ઓછામાં ઓછા પાંચ ખેડૂત લાભાર્થીઓનો પ્રોજેક્ટમાં સમાવેશ કરી પ્રોજેક્ટ રજુ કરવાનો રહેશે. બાગાયત ખાતા હેઠળના કમલમ (ડ્રેગનફ્રુટ)ના વાવેતર માટે સહાયના કાર્યક્રમ ઘટકમાં રાજ્યના ખેડૂતો આઇ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી મહત્તમ લાભ લઈ શકે તે માટે પોર્ટલ તા.૧૯/૦૯/૨૦૨૨ થી તા.૧૫/૧૦/૨૦૨૨ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે.

આ જે ખેડુતમિત્રો બાગાયત ખાતાની આ સહાય યોજનામાં લાભ લેવા માંગતા હોય તેઓએ ઉપરોકત જણાવેલ સમયગાળા દરમ્યાન ગામના ઈ-ગ્રામ કેન્દ્ર અથવા ખાનગી ઈન્ટરનેટ સોર્સ મારફત પોતાના ૮-અ, ૭ અને ૧૨ નકલ, આધારકાર્ડ તથા ચાલુ બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને લાભ લેવા માંગતા ઘટક હેઠળ સમયસર અરજી કરવી તથા અરજી કર્યા બાદ અરજીની કોપી અને ઉપર જણાવેલ સાધનીક કાગળો અરજી કર્યા બાદ દીન-૭માં નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નં.૯-૧૨,જીલ્લા સેવા સદન-૨,બીજો માળ, ગોધરા જિ. પંચમહાલ, (ફોન.નં.૦૨૬૭૨-૨૪૦૦૩૯)એ રૂબરૂ અથવા ટપાલથી જમા કરાવવા નાયબ બાગાયત નિયામક ગોધરા એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# રતનપુર પ્રાથમિક શાળામાં ૩ દિવસીય તાલીમ શિબીરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું



કાંકણપુર,

પંચમહાલ જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશન અને સ્ટુડન્ટ પોલીસ કેડેટ. સિનિયર/જુનીયર રતનપુર(કાં) માધ્યમિક/પ્રાથમીક શાળા દ્વારા તા.૨૧ થી ૨૩/૦૯/૨૦૨૨ના રોજ ૩ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ દરિમયાન વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ, યોગા, સરકાર વિવિધ યોજનાઓ પ્રચાર પ્રસાર, પંચમહાલ ડેરીની ફિલ્ડ વિઝીટ, રમતો, ફિલ્મો નિહાળવી અને કાયદા પ્રેકટીકલ નોલેજ આપવામાં આવશે. શિક્ષક દશરથભાઈ અને સુનિલભાઈ દરજી, પરેશ એન. સુથાર અને.એ.ડી.આઇ. અશોકભાઈ પરમાર, મહિલા પોલીસ નયનાબેન બારીયા, વૈશાલીબેન દરજી, રૂચિકાબેન દ્વારા આપવામાં આવશે. શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ, ભાટીયા હિતેશભાઈ ગોકળભાઈ પરમાર તેમજ કાંકણપુર પોલીસ સ્ટેશનનાં પીઆઇ એ.બી. ચૌધરીએ શાળામાં બાળકો માટે વિકાસશીલ પ્રવૃત્તિઓ સાથે બાળકોનું અભ્યાસની સાથે ઘડતર ખુબ સરસ રીતે થાય છે. તે બદલ સૌને શાળા પરિવારને હાર્દીક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.